**સુવિચાર**

આપણી ઈચ્છા, ક્રિયા અને વિચાર એક જ હોવો જોઈએ. જે બોલો છો એવું જ કરો તો શબ્દમાં શક્તિ આવશે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૮/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ અ.શ્રાવણ વદ-૫ વર્ષ : ૧૫ અંક : ૧૯૯

## દેશની સર્વોચ્ચ કોર્ટનાં આદેશથી દેશભરનાં કોંગીજનો ગેલમાં

# રાહુલ ગાંધીની મોદી સરનેમ કેસની સજા પર સ્ટે

કોંગી નેતાને સુરતની કોર્ટે બે વર્ષની કેદની સજા ફટકારી હતી

ગુજરાત હાઈકોર્ટે ૭ જુલાઈએ તેમની સજા પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો હતો

કોંગી નેતાનો લોકસભામાં પ્રવેશવાનો માર્ગ મોકળો થઈ ગયો

કોંગી નેતા આગામી લોકસભાની ચૂંટણી પણ લડી શકશે






નવી દિલ્હી, તા.૪

મોદી સરનેમ કેસમાં સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને મોટી રાહત આપી છે. આ કેસમાં પોતાનો ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે રાહુલની સજા પર રોક લગાવી દીધી છે. જ્યાં સુધી અપીલ પેન્ડિંગ છે, ત્યાં સુધી સજા રોક લગાવાઈ છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનું રાજકીય ભવિષ્ય નક્કી થઈ જશે. આ મામલાની સુનાવણી જસ્ટિસ બીઆર ગવઈની અધ્યક્ષતાવાળી બેન્ચે કરી હતી.

મોદી સરનેમ કેસમાં રાહુલની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ છે. જેમાં રાહુલ ગાંધીના વકીલ સિંઘવીએ દોષસિદ્ધિ પર રોક લગાવવાની માંગ કરી હતી. તમામ પક્ષોને દલીલ માટે ૧૫-૧૫ મિનિટનો સમય અપાયો હતો. રાહુલના વકીલે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, ફરિયાદીની અસલી સરનેમ મોદી નથી, બાદમાં તેમણે સરનેમ બદલી છે. મોદી

અનુસંધાન પાના ૬ ઉપર

## કોંગી નેતાને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળતા કોંગીજનો ગેલમાં

# અમરેલીનાં કોંગીજનોએ રાહુલ ગાંધીની ૨ વર્ષની સજા સામે સ્ટે મળી જતાં આતશબાજી દ્વારા ઉજવણી કરી

આજનો ચુકાદો આગામી લોકસભાની ચૂંટણી માટે મહત્વનો સાબિત થશે




અમરેલી, તા. ૪

કર્ણાટકની સભામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનાં ભાષણ સામે પૂર્ણેશ મોદી ધ્વારા માનહાનીનો કેસ કરતાં

અનુસંધાન પાના ૬ ઉપર

## ફરી માલગાડી ટ્રેન હડફેટે સિંહબાળ આવ્યું

# સા.કુંડલાના બોઘરયાણી નજીક રેલ્વે ટ્રેક પર માલગાડી હડફેટે ઠોકર લાગતા સિંહબાળને સામાન્ય ઈજા

વનવિભાગે માલગાડી ટ્રેનને ચાર કલાક સુધી રોકાવી તપાસ હાથ ધરી

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં પીપાવાવ બ્રોડગેજ રેલ્વે લાઈનને કારણે જંગલની આન, બાન અને શાન ગણાતા સિંહો માટે રેલ્વે ટ્રેક જોખમી બન્યો છે. પણ વનવિભાગની સિંહો પ્રત્યેની સંવેદનાઓ પણ વધુ ફળીભૂત થઈ હોય તેમ ફરી માલગાડી ટ્રેઈન હડફેટે સિંહબાળ આવી ગયું હતું અને ઠોકર લાગતા સિંહબાળને ઈજા પહોંચી હતી. હજુ થોડા દિવસ પહેલા જ ઉચૈયા અને બોરાળા ગામે રેલ્વે ટ્રેક પર ટ્રેન હડફેટે ૩ સિંહના મોત થયાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં બીજા સિંહબાળનો અકસ્માત થવાની ગંભીર દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

ત્યારે સમગ્ર ઘટના અંગે જાણવા મળવા પ્રમાણે ગત રાત્રિના સાવરકુંડલાના બોઘરયાણી નજીક રેલવે ટ્રેક પર બે પાઠડા સિંહબાળ અને એક સિંહણ આવી ચડી હતી. ત્યારે રાત્રિના માલગાડી ટ્રેન હડફેટે એક ચારથી પાંચ માસનું સિંહબાળ આવી

અનુસંધાન પાના ૬ ઉપર




## લાઠી નજીક આવેલ

# સરકારી પીપળવા ગામે સામાન્ય બાબતે પરિણીતાએ ઝેરી પાઉડર પી લેતા મોત

અમરેલી, તા. ૪

લાઠી તાલુકાનાં સરકારી પીપળવા ગામે રહેતા પારૂલબેન કાનજીભાઈ સોલંકી નામની ૩૨ વર્ષિય પરિણીતાનાં પતિએ તા. ૨ નાં રોજ પેણીને બાળકોનું ટીફીન બનાવવાનું કહેતા તેણીને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે અનાજમાં નાખવાનો પાઉડર પી લેતા તેણીને ઝેરી અસર થતાં પારૂલબેનનું મોત નિપજયાનું લાઠી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## જાફરાબાદ નજીક આવેલ

# હેમાળ ગામે મગજમાં તાવ ચડી જતાં મહિલાએ ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૪

જાફરાબાદ તાલુકાનાં વઢેરા ગામે રહેતા ભાવનાબેન મંગાભાઈ નામની ૩૪ વર્ષિય મહિલાને મગજમાં તાવ ચડી જતો હોય અને અવાર–નવાર આત્મ હત્યાનો વિચાર આવતો હોય. તે બાબતે દવા પણ શરૂ હોય ત્યારે તા. ૩નાં રોજ હેમાળ ગામે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધાનું જાફરાબાદ ટાઉન પોલીસમાં જાહેર થવા પામેલ છે.




**નંદભુવન સોસાયટી**

ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે

સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે

સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"

તૈયાર કબ્જો

૯૦ વારથી વધુના પ્લોટો

ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે

બુકીંગ માટે સંપર્ક

મો. ૮૩૫૬૮ ૪૧૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

### નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

# રાજુલાનાં ભેરાઈ માર્ગનાં વેપારીઓ બિસ્માર માર્ગ અને ગંધાતા પાણીથી પરેશાન

### ન્યાય ન મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી





રાજુલા, તા. ૪

રાજુલા શહેરમાં ભેરાઈ રોડ પર ગટરનાં પાણી રોડ પર આવી જતાં તેમજ રસ્તો સાવ બીમાર થઈ જવા બાબત આ વિસ્તારનાં રહીશો તેમજ વેપારીઓ દ્વારા અવારનવાર રાજુલા નગરપાલિકામાં રજૂઆત કરવામાં આવેલી. પરંતુ આજે એક માસ જેટલો સમય જવા છતાં આજદિન સુધી આ રસ્તાનો નિકાલ ન આવતાં આજરોજ સો જેટલા લોકો એકત્રિત થઈ રાજુલા ડેપ્યુટી કલેકટર કચેરીએ એકત્રિત થઈ અને ગટરનાં પાણી તેમજ રસ્તા બાબતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું. દિન ત્રણમાં અને વધુમાં વધુ દિન પાંચમાં આ વિસ્તારનો આ પ્રશ્ન હલ કરવામાં નહીં આવે તો આ વિસ્તારનાં વેપારીઓ તેમજ રહીશો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે અને રસ્તા રોકવાની ફરજ પડશે. જેથી આ બાબતે તંત્ર દ્વારા ગંભીર નોંધ લઈ અને તંત્ર તાત્કાલિક ઘટતી કાર્યવાહી કરે તેવી આ વિસ્તારનાં રહીશોની માંગણી ઉઠવા પામેલ છે.

### એસ.પી.ની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં તીનપતીનો જુગાર રમતાં ૪ ઈસમો ઝડપાયા

### અન્ય ૨ ઈસમોની શોધખોળ શરૂ



તસ્વીર : બાલક્રિષ્ન સોલંકી–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૪

જાફરાબાદ મરીન પી.એલ.ચૌધરી પો.ઈન્સની સુચના અને માર્ગદર્શન નિચે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના સામાકાઠા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગંજીપતાના પાના તથા પૈસા વડે હારજીતનો જુગાર રમતા ચાર ઈસમોને ગંજીપતાનાં પાના નંગ–૫૨ તથા કુલ રોકડ રૂા.૭૦,૪૦૦ જુગાર લગત મુદામાલ સોથ પકડી પાડી તેમજ બે ઈસમો નાસી જઈ તેઓનાં વિરૂધ્ધમાં જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ગુ.રા.નં. ૧૧૧૯૩૦૦૨૨૩૦૧૪૮/૨૦૨૩ જુ.ધા.૧૨ હેઠળ ગુનો દાખલ કીર ધોરણસર કાર્યવાહી કરેલ છે.

(૧) શૈલેષભાઈ ભગુભાઈ બારૈયા,(૨) વિઠ્ઠલભાઈ બાબુભાઈ સોલંકી,(૩) ગોપાલભાઈ હરજીભાઈ બારૈયા, (૪) વિષ્ણુભાઈ હરજીભાઈ બારૈયા (ઉ.વ.૩૭) રહે. બધા જાફરાબાદની અટકાયત કરેલ છે.

જયારે (૫) હરેશભાઈ રામજીભાઈ બારૈયા અને મયુરભાઈ પ્રકાશભાઈ બારૈયાને શોધવા ચક્રો ગતીમાન કરેલ છે.

ઉપરોકત કામગીરી જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. પી.એલ.ચૌધરી તેમજ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનનાં અના હેડ કોન્સબલ બાલુભાઈ લાખાભાઈ તથા સુરેશભાઈ જાદવભાઈ તથા પોલીસ સ્ટેશન વિજયભાઈ પરશોતમભાઈ તથા અશોકભાઈ પાંચાભાઈ દ્વારા કરવામાં આવેલ છે.

### ધારાસભ્ય અને એસ.ટી. અધિકારીને રજૂઆત કરી

# સા.કુંડલાનાં કાનાતળાવ અને હાથસણીનાં વિદ્યાર્થીઓ એસ.ટી. બસ પ્રશ્ને પરેશાન

### અનિયમિત બસથી બાળકોનું શિક્ષણ બગડે છે




સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા કે.કે. સ્કૂલ તેમજ ગર્લ્સ સ્કૂલ સહિતની હાઈસ્કુલોમાં કાના તળાવ હાથસણીના ૫૦ ઉપરાંત વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા માટે આવે છે. ત્યારે કાનાતળાવ વિદ્યાર્થીઓ અગ્રણી મનાલી વોરા અને વિદ્યાર્થીનીઓએ એસટી તંત્રની એક આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જેમાં જણાવ્યું કે, અમારી બસ હંમેશા અનિયમિત આવે છે તેને નિયમિત કરવી અને અપડાઉનનાં સમયમાં ફેરફાર કરવા માટે જણાવ્યું છે. જેની નકલ સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પણ આપવામાં આવી છે.

### સાંસદ કાછડીયાની ભલામણથી

# સા.કુંડલાનાં કીડનીનાં દર્દીને રૂપિયા ૧.૭૫ લાખની સારવાર માટે સહાય

### પ્રધાનમંત્રી રાહતફંડમાંથી રકમની ફાળવણી





અમરેલી, તા. ૪

સાવરકુંડલા ખાતે પોપટ બોઘા શેરી વિસ્તારમાં રહેતા નૈમિષભાઈ ભાનુશંકર ઉપાધ્યાય (ઉ.વ. ૫૧)ની કિડની ફેઈલ થતાં તેમની ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર (સીવીલ હોસ્પિટલ) અમદાવાદ ખાતે કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર ચાલી રહી હતી. પરંતુ નૈમિષભાઈ ઉપાધ્યાયનાં પરીવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી સારવારનો ખર્ચ પરવડી શકે તેમ ન હતા. જેથી તેમના પરીવાર તરફથી અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયાને રજૂઆત કરતાં સાંસદે સહાય મંજૂર કરવા માટે ભલામણ કરતાં પી.એમ. રીલીફ ફંડમાંથી દર્દીનાં સારવાર ખર્ચને પહોંચી વળવા રૂા. ૧,૭૫,૦૦૦/– (અંકે રૂા. એક લાખ પંચોતેર હજાર પુરા)ની સહાય મંજુર કરવામાં આવતા નૈમિષભાઈ ઉપાધ્યાય અને તેમના પરીવારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સાંસદનો આભાર વ્યકત કરેલ છે.

# બાબરા : નીલવડા ખાતે જુગાર રમતા ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ અમરેલી જીલ્લામાંથી જુગાર દારૂની બદી દૂર કરવા માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઈડો કરી જુગાર/દારૂની કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ. જે અન્વયે પોલીસ ઈન્સ.ની સુચના અને માર્ગદર્શન નીચે બાબરા પોલીસ સ્ટેશનનાં નીલવડા ગામે સ્મશાન પાસે ખુલ્લી જગ્યામાં જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા ભગુભાઇ હીરાભાઇ ખીમસુરીયા રહે.નીલવડા વાળા સહિત છ ઈસમોને રોકડ રૂા.૧૦,૦૪૦૮ સાથે પકડી પાડી તેઓનાં વિરૂધ્ધમાં જુગાર ધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કારધામ ખાતે ફાયર એવરનેશ ટ્રેનિંગ યોજાઈ



અમરેલી, તા. ૪

ચલાલા મુકામે આવેલ ગાયત્રી સંસ્કારધામ એજયુકેશનલ કેમ્પસમાં ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલી દ્વારા એક ફાયર અવેરનેસ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટ્રેનિંગ અંતર્ગત ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓને ફાયરની અવેરનેસ આવે અને જો આગ જેવી કોઈ દુર્ઘટના ઘટે તો તેવા સમયે કેવી રીતના તેનો સામનો કરી શકાય તથા બીજાને કેવી રીતે મદદરૂપ બની શકાય તથા કેવી રીતે પોતે અને બીજાનો બચાવ કરી શકાય તે બાબતે વિસ્તૃત માહિતી એચ. સી.ગઢવી દ્વારા આપવામાં આવી હતી.

# ચલાલા ભીમનાથ પરિવારનું ગૌરવ

ચલાલા, તા. ૪

ચલાલા નિવાસી હાલ અમદાવાદ સમજુગીરીબાપુનાં પુત્ર ધનસુખગીરી(ઢેબરબાપુ) નાં પૌત્ર જયગીરી હર્ષદગીરી ગોસ્વામી પોતાનાં અભ્યાસ અર્થે માસ્ટર ડિગ્રી મેળવવા માટે ન્યુજર્સી (યુ.એસ.એ) ખાતે જઈ રહ્યાં છે.

તો તેમને ખુબ ખુબ શુભેચ્છા તેમજ ભીમનાથ મહાદેવ સદાય તેમના પર આશીર્વાદ વરસાવતા રહે તેવી પ્રાર્થના. તેમજ અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપનું વિદેશ પ્રયાણ શુભ ફળ દાયી અને યશસ્વી નીવડે આપના ફિલ્ડમાં અને જીવનમાં ઉત્તરોતર પ્રગતિ થાય તેવા શુભઆશિષ. આ સાથે હર્ષદગીરી, સુરેશગીરી, વિજયગીરી, વિરલગીરી, નીતીનગીરી, મેહુલગીરી, ધર્મેશગીરી, વિપુલગીરીએ તેમજ ભીમનાથ પરિવારે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવેલ.

### ગ્રાહક સુરક્ષા મંડળનાં પ્રતિનિધિ મંડળે

# સાવરકુંડલાનાં ધારાસભ્યની શુભેચ્છા મુલાકાત કરી

### શાલ ઓઢાડી પુષ્પગુચ્છ દ્વારા ધારાસભ્યનું સન્માન કરવામાં આવેલ



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળનાં પ્રતિનિધિ મંડળ દ્વારા સાવરકુંડલા લીલીયાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની શુભેચ્છા મુલાકાત કરવામાં આવેલ. ખૂબ જ સૌમ્ય વાતાવરણમાં ધારાસભ્ય સાથે ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિ સંદર્ભે પણ થોડી ચર્ચા કરવામાં આવી. આ તકે સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળનાં પ્રમુખ રમેશભાઈ હીરાણીએ સાવરકુંડલા શહેરમાં મળતાં ફરસાણ તેમજ મીઠાઈ સંદર્ભે સંબંધિત તંત્ર દ્વારા વાર–તહેવારે યોગ્ય ભાવ બાંધણું થાય તેવી રજૂઆત પણ કરી હતી. આ સમયે સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળનાં રમેશભાઈ હીરાણી સમેત બિપીનભાઈ પાંધી, રવિભાઈ મહેતા, નિલેશભાઈ વાઘેલા તથા હિંમતભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. સહારા ગ્રૂપમાં રોકાયેલ નાણાં રોકાણકારોને પરત મળે એ સંદર્ભે પણ આ રોકાણકારોને સહારા રિફંડ પોર્ટલમાં રજિસ્ટ્રેશન કરાવી લેવા જાગૃતિ આવે એવાં પ્રયાસ પણ ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા વધુ જોરશોરથી કરવામાં આવે તેવો પણ આ સમયે નિર્ધાર કરવામાં આવેલ. આ તકે ગ્રાહક જાગૃતિ અભિયાનને વધુ સક્રિય બનાવી સાવરકુંડલા શહેરના જન જન સુધી ગ્રાહક સુરક્ષા કાનૂની સમજ પ્રદાન કરવાનો દ્રઢ નિર્ધાર પણ કરવામાં આવેલ.

### સુપ્રીમ કોર્ટમાંથી રાહત બાદ કોંગ્રેસ નેતાની ટીપ્પણી

# ગમે તે થાય, મારૂં કર્તવ્ય એ જ રહેશે : રાહુલ ગાંધી

### સુપ્રીમ કોર્ટે રાહુલની સજા પર રોક ન લગાવી હોત તો તે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી ન લડી શકયા હોત

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે આજે મોદી સરનેમ કેસમાં મહત્વનો આદેશ આપી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની સજા પર રોક લગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે, નીચલી કોર્ટના ન્યાયાધીશ દ્વારા વધુમાં વધુ સજા આપવાનું કોઈ કારણ આપવામાં આવ્યું નથી. અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી દોષિત ઠેરવવાના આદેશ પર સ્ટે મુકવો જરૂરી છે. કોર્ટના આ નિર્ણય બાદ રાહુલ ગાંધીએ ટ્વિટ કર્યું છે. તેમણે જણાવ્યું કે, ગમે તે થાય, મારું કર્તવ્ય એ જ રહેશે. ભારતના વિચારની રક્ષા કરવાનો.

ઉલ્લેખનિય છે કે, આજે સુપ્રીમ કોર્ટે મોદી સરનેમ મામલે રાહુલ ગાંધીના પક્ષમાં મોટો નિર્ણય કર્યો છે. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને દોષિત ઠેરવવા અને તેમને સંભળાવાયેલી બે વર્ષની સજા સામે રોક લગાવી દીધી છે. મોદી સરનેમ માનહાનિ કેસમાં સુરતની નીચલી કોર્ટે રાહુલ ગાંધીને દોષિત ઠેરવ્યા હતા અને તેમને બે વર્ષની સજા કરતાં તેમનું સાંસદ પદ પણ છીનવાઈ ગયું હતું. સુપ્રીમકોર્ટે કહ્યું કે જ્યાં સુધી રાહુલ ગાંધીની અરજી પર સુનાવણી પૂર્ણ નહીં થાય ત્યાં સુધી તેમની દોષસિદ્ધી પણ રોક યથાવત્ રહેશે. સુપ્રીમકોર્ટે રાહુલ ગાંધીને સજા સંભળાવવા સામે પણ સવાલો ઊઠાવ્યા હતા. સુપ્રીમકોર્ટનો આ નિર્ણય રાહુલ ગાંધી, કોંગ્રેસ પાર્ટી અને વિપક્ષી ગઠબંધન માટે અનેક રીતે મહત્ત્વપૂર્ણ છે.

સુપ્રીમકોર્ટના આ ચુકાદાની સાથે જ હવે રાહુલ ગાંધી માટે સંસદના દ્વાર ખુલી ગયા છે. હવે રાહુલ ગાંધીનું લોકસભા સભ્યપદ પણ બહાલ થવાનો માર્ગ મોકળો થયો છે. જો રાહુલનું સંસદ સભ્યપદ છીનવાઈ ગયા બાદ વાયનાડ સીટ પર પેટાચૂંટણી યોજાઈ ગઈ હોત તો તેમનું સભ્યપદ બહાલ ન થયું હોત. પણ અત્યાર સુધી વાયનાડ સીટ પર પેટાચૂંટણી યોજાઈ નથી. સુપ્રીમકોર્ટના આ નિર્ણયની સાથે જ રાહુલ ગાંધી ૨૦૨૪ની ચૂંટણી લડવાની સંભાવનાઓ પર છવાયેલા સંકટના વાદળો ફંટાઈ ગયા છે. તેઓ હવે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી લડી શકશે. જો સુપ્રીમકોર્ટે રાહુલની સજા અને દોષિત જાહેર કરવાના નીચલી કોર્ટના ચુકાદા પર રોક ન લગાવી હોત તો તે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી ન લડી શક્યા હોત.

### બનાવનાં 3 મહિના બાદ આરોપીઓની ઓળખ થતી નથી

# ચિતલનાં કોળી સમાજનાં યુવકની હત્યા કરનાર આરોપીને ઝડપવા માંગ

### કોળી સમાજનાં આગેવાનોએ એસ.પી.ને આવેદનપત્ર પાઠવ્યું



ચિતલ, તા. ૪

આજથી ત્રણ માસ પૂર્વે ચિતલનાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેતા રજતભાઈ ભરતભાઈ ધોળકિયા જેની ઉંમર ૨૯ વર્ષ હતી. તે તારીખ ૮–૫– ૨૦૨૩ નાં ગુમ થયા પછી તારીખ ૯–૫–૨૦૨૩ નાં ચિતલનાં ટીંબા ગામ નજીક ઊંડા પાણીની ખીણમાં કોઈકની લાશ હોય તેવી માહિતી અમરેલી તાલુકા પોલીસને મળતાં પોલીસ દ્વારા કરવામાં આવેલ તપાસમાં મળેલી માહિતી મુજબ લાશ ચિતલનાં રજત ધોળકિયાની હાથપગ બાંધેલી હાલતમાં મળી આવેલ હતી. આ જાણ પરિવારને થતાં પરિવારનાં સભ્ય તરૂણભાઈ હમીરભાઈ ધોળકિયા દ્વારા ફરીયાદ કરવામાં આવી હતી.

તેનાં આધારે પોલીસ દ્વારા કરવામાં આવેલ તપાસમાં આજ સુધી કોઈ ચોક્કસ પુરાવા મળેલ નથી. આ કૃત્ય કરનારા આરોપી હજુ પોલીસની પકડથી બહાર છે. એકનો એક પુત્ર ગુમાવનાર રજતની માતા દ્વારા ભીની આંખે ન્યાયની માંગણી કરવામાં આવી સાથે કોળી સમાજનાં આગેવાનો દ્વારા કલેકટર તેમજ એસ.પી.ને આવેદનપત્ર આપવામાં આવેલ. અને તેમને ચોક્કસપણે ન્યાય મળે તેવી માંગણી કરવામાં આવી. સાથે રાજયગૃહ મંત્રી પાસે પણ ન્યાયની માંગણી કરવામાં આવી. કોળી સમાજના આગેવાન રવજીભાઈ મકવાણા તેમજ પ્રવિણભાઈ તેરવાડીયા અને પરિવારજનો દ્વારા આવેદનપત્ર આપવામાં આવેલ છે.

# લીલીયામોટા : શ્રી ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી.નાં સભાસદોને વર્ષ–૨૦૨૨–૨૩ ભેટ વિતરણ



લીલીયા મોટા, તા.૪

લીલીયા મોટા ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ મંડળીએ ગત વર્ષ અંતે રૂા.૫૫.૯૦ લાખનો સારોએવો નફા હાસીલ કરેલ તેમજ મંડળીનાં સભાસદોને ભેટ તેમજ ડીવીડન્ડ ૧૦ ટકા ડિવીડન્ડ આપવાનું જાહેર કરેલ આ સંસ્થા આજે ૨૯ વર્ષ પુર્ણ કરેલ છે. ત્યારે આજ રોજ સભાસદહેડ ઓફિસ લીલીયા મોટા તેમજ અમરેલી શાખામાં ભેટ વિતરણ ચાલુ કરેલ છે. મંડળીનાં દરેક સભાસદોને જરૂરીયાત મુજબ ત્વરીત અને ઝડપી ધીરાણ તેમજ નાની બચત ઉચ્ચત્તર વ્યાજ વળતર પુરૂ પાડવામાં સક્ષમ સંસ્થાના એમ.ડી. દીનેશભાઈ એચ.ભટ્ટ ની આજરોજ મુલાકાત લેતા ભટ્ટે સંસ્થાનાં પ્રગતી વીશે જાણવેલ કે આપણી આ મંડળી સભાસદો થાપણદારો નાની બચત ખાતેદારોના સહયોગથી આજે ઉત્તરોતર પ્રગતીની હરણ ફાળ ભરી રહી છે. હાલ સંસ્થાની સભાસદ સંખ્યા–૨૨૨૩ સભાસદ ધીરાણ રૂા.૧૦.૮૬ કરોડ એપણ ૦ ટકા એન.પી.સાથે મંડળીનો વાર્ષિક હીસાબ જાહેર કરતા સંસ્થાએ ગતવર્ષ તમામ વહીવટી ખર્ચ બાદ કરી વર્ષ અંતે ૫૫.૯૦ લાખનો ચોખ્ખો નફો હાસીલ કરેલ છે. મંડળીનાં સભાસદોને છેલ્લા ૨૧ વર્ષથી સભાસદ ભેટ તેમજ ૧૦ ટકા ડીવીડન્ડ આપવાની એ પ્રથા આ વર્ષ પણ જાળવી રાખેલ છે.

મંડળીનાં ચેરમેન જયેશભાઈ એલ.જોબનપુત્રા વાઈસ ચેરમેન હરેશભાઈ એન.સેજપાલ રસીકભાઈ જે.વંડ્રા, ભરતભાઈ ડી.જોષી, જયેશભાઈ એમ.મહેતા, હીમતભાઈ એસ.શીંગાળા વાલજીભાઈ જી.માંડણકા તેમજ તમામ બોર્ડ ઓફ ડીરેકટરઓનાં અથાંગ પ્રયત્નો સંસ્થાનાં શેરપર્સન હીતેષભાઈ જે.કારીયાનાં મંડળીનાં સંચાલનમાં સતત મોનીટરીંગ સાથે વખતો વખત સભાસદો સુચનને ધ્યાને લઈ સભાસદો તેમજ સંસ્થાનાં વિકાસ હીતમાં જરૂરીયાત મુજબ વખતો વખત જરૂરી સભાસદ ધીરાણ મર્યાદામાં વધારો કરવા તેમજ સંસ્થામાં મુકેલ થાપણ પર પુરૂ વળતર ચુકવવા જણાતા સુચનો ધ્યાને વખતો વખત સભાસદ વેલ્ફેરૂંડ (મૃત્યુ સહાય) આક.વીમા કવસ તેમજ લોન લેનાર સભાસદોને વ્યાજ વળતર સહાય જેવી વિવિધ યોજનાઓ ઘડી સભાસદોનો વિશ્વાસ હાસીલ કરેલ છે.

મંડળીની અમરેલી શાખાએ આજે ૪ વર્ષ પુરા કરેલ છે. ત્યારે સંસ્થાના એડ.બોર્ડ મેમ્બર હીરેનભાઈ બી. સોજીત્રા, ઉપેન્દ્રભાઈ એમ. નાગ્રેચા, સંજયભાઈ એમ.મહેતા, નીતીનભાઈ ખીમાણી, ગોપાલભાઈ જી.ભટ્ટ, દલસુખભાઈ સાવલીયા, મલયભાઈ પટેલ, બ્રાન્ચ મેનેજર દીપકભાઈ બી.દવે તથા સમગ્ર સ્ટાફ ઉત્કૃષ્ટ કામગીરીએ આજે દૈનીક બચત લોન જેવી અવનવી સવલતો સભાસદોને પુરી પાડી આજે અમરેલી શાખા એ ટુકા સમય ગાળામાં સારી પ્રગતીમાં થાપણદારોનાં સહકાર સાથે મંડળી પ્રગતી સાથે સફળતા મેળવેલ છે. અમરેલી શાખામાં તા.૧/૮/૨૦૨૩ થી સભાસદોને ભેટ વિતરણ ચાલુ કરેલ છે.

સભાસદોને સુચન ધ્યાને લઈ ટુક સમયમાં વહેલી તકે સંસ્થામાં જે છેલ્લા ૫ વર્ષથી ડીયોજીટ (થાપણો) લેવાનું બંધ કરેલ જે આગામી દીવસોમાં આકર્ષક ઉચ્ચ વ્યાજના દરો સાથે ફરી થાપણો સ્વીકારવાનું ચાલુ કરવામાં આવશે.

મંડળી તરફથી મળ વાપાત્ર સભાસદ ભેટ તા.૧/૮/૨૦૩ થી મંડળીની ઓફીસેથી વહેલીતકે મેળવી લેવા આ તકે જાણ કરેલ છે.

## સાંસદપદ જળવાયું અને આગામી લોકસભા ચૂંટણી પણ લડી શકશે

# ''સત્યમેવ જયતે'' : રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી

### સુરતની કોર્ટે આપેલ ૨ વર્ષની સજા સામે દેશની સર્વોચ્ચ સુપ્રીમ કોર્ટે રોક લગાવી

### કોંગ્રેસ પક્ષનાં લાખો કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહનાં ઘોડાપુર જોવા મળ્યા

### દેશનાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાનાં ઘટક પક્ષોએ પણ સુપ્રીમ કોર્ટનાં નિર્ણયને આવકાર્યો

### પ્રદેશ કોંગી પ્રમુખ શક્તિસિંહ ગોહિલે રાહુલ ગાંધીને શુભકામના પાઠવી

અમદાવાદ, તા. ૪

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા આદરણીય રાહુલ ગાંધીજીની સજા પર સ્ટે લગાવવાનો સુપ્રિમ કોર્ટે આદેશ કર્યો છે. ત્યારે સુપ્રિમ કોર્ટના ચુકાદાને આવકારતા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ખૂબ ખુશીની વાત છે કે રાહુલ ગાંધીજીને સુપ્રિમ કોર્ટે સંપૂર્ણ રાહત આપી છે. આપણે ત્યાં કહેવાય છે કે "સત્યમેવ જયતે". આપણે ત્યાં એવુંય કહેવાય છે કે સત્યને પરેશાન કરી શકાય પરંતુ પરાજીત ન કરી શકાય. રાહુલ ગાંધીજીને ખોટા કેસમાં ખૂબ





પરેશાન કરવામાં આવ્યા પરંતુ આખરે સુપ્રિમ કોર્ટમાંથી એમને ન્યાય મળ્યો. સુપ્રિમ કોર્ટે આજે રાહુલ ગાંધીજીને મોટી રાહત આપી છે એટલું જ નહીં આપણા ગુજરાત માટે કેટલીક દીવાદાંડી કે લાલ લાઈટ કહી શકાય તેવી સ્થિતિનું પણ દર્શન કરાવ્યું છે. સુપ્રિમ કોર્ટે કહ્યું કે રાહુલ ગાંધીજીના કેસમાં સુરતની ટ્રાયલ કોર્ટે મેકસ ટુ મેકસ પનિશમેન્ટ કરી હતી, જે અયોગ્ય હતી. રાહુલ ગાંધીજીના કેસમાં નોન–કોગ્નીઝેબલ ગુનો હતો, જામીનપાત્ર ગુનો હતો, સમાધાનલાયક ગુનો હતો, તેમાં સુરતની ટ્રાયલ કોર્ટે મેકસ ટુ મેકસ એટલે કે પૂરેપૂરી બે વર્ષની સજા ફટકારી છે ત્યારે તેમાં વિસ્તૃત કારણો વગર પૂરેપૂરી સજા ન કરી શકાય તેવો સિદ્ધાંત છે. તેનું પાલન કરવાનું કે તેના વિશે ધ્યાન આપવાનું સેશન્સ કોર્ટ અને ગુજરાતની હાઈકોર્ટ બંને અપીલ કોર્ટો ચુકી છે તેમ પણ સુપ્રિમ કોર્ટે કહ્યું હતું.

રાહુલ ગાંધીજીને ખૂબ પરેશાન થવું પડયું છે પરંતુ તેઓ પરાજીત થયા નહીં, ડર્યા નહીં, ગભરાયા નહીં, સત્ય માટે લડતા રહ્યા અને આખરે સત્યનો વિજય થયો છે તેનો વિશેષ આનંદ છે. આવતા દિવસોમાં પણ ન્યાયના મંદિરોમાં સરકાર કોઈ પણ હોય પરંતુ બિનપક્ષપાતી ન્યાય થતો રહેશે તેવી આશા શકિતસિંહ ગોહિલે વ્યકત કરી હતી.

---

### શાંતાબા મેડિકલ કોલેજનાં સહયોગથી

## અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કોલેજો દ્વારા રકતદાન શિબિર યોજાઈ

### ૧૦૦ ઉપરાંતનાં વિદ્યાર્થીઓએ રકતદાન કર્યુ



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કોમર્સ કોલેજ, આર્ટસ કોલેજ, સાયન્સ કોલેજ, મહિલા કોલેજ, બી.સી.એ. કોલેજ, એન્જિનિયરિંગ કોલેજ, એમ.બી.એ. કોલેજ અને નર્સિંગ કોલેજ દ્વારા મેગા રકતદાન શિબિરનું આયોજન થયું હતું. આ શિબિરમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ–બહેનોએ રકતદાન કરી સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી હતી.

કુલ મળીને ૧૦૦ ઉપરાંત વિદ્યાર્થી ભાઈ–બહેનોએ રકતદાન કર્યુ હતું. આ તમામ વિદ્યાર્થી ભાઈ–બહેનોને અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં મંત્રી મનસુખભાઈ ધાનાણી અને ચતુરભાઈ ખુંટે શુભેચ્છાઓ પાઠવી હતી. પૂર્વ કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલે પણ આ શિબિરની મુલાકાત લીધી હતી. કોલેજોનાં પ્રિન્સિપાલ પ્રિ. ડો. એ.એચ. પટેલ, પ્રિ. ડો. એમ.એમ. પટેલ, પ્રિ. ડો. બી.આર. ચુડાસમા, પ્રિ. અભિષેકભાઈ જોશી, પ્રિ. જીગ્નેશભાઈ વેકરીયા તેમજ કેમ્પસ ડાયરેકટર કાર્તિકભાઈ રામાણી, વિદ્યાસભા સ્કૂલ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, લાઈબ્રેરીયન પિયુષભાઈ સિધ્ધપુરા વગેરેએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થી–ભાઈ બહેનોને પ્રોત્સાહિત કરવા તમામ કોલેજનાં પ્રાધ્યાપકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પનાં આયોજનમાં કેમ્પસમાં આવેલી તમામ કોલેજોનાં એન.સી.સી. ઓફિસર્સ તથા એન.એસ.એસ. ઓફિસર્સ વગેરેએ સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી. એન.સી.સી. અને એન.એસ.એસ.નાં સ્વયંસેવક ભાઈઓ–બહેનોએ સુંદર કામગીરી નિભાવી હતી. કેમ્પનું આયોજન કોમર્સ કોલેજ અમરેલીનાં લાઈબ્રેરી હોલમાં કરવામાં આવ્યું હતું. કેમ્પનું સંચાલન પ્રા. જે. એમ. તળાવિયા અને પ્રા. ડો. એ. બી. ગોરવાડીયાએ કર્યુ હતું. કેમ્પ દરમિયાન શાંતાબા મેડિકલ કોલેજનાં દેવેન્દ્રભાઈ ભૂત અને તેમની ટીમે સુંદર કામગીરી બજાવી હતી.

---

## બાબરા : તાલુકા કલસ્ટર કક્ષાનાં કલા મહોત્સવનું આયોજન થયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૪

બાબરા તાલુકા કલસ્ટર કક્ષાનો કલા મહોત્સવ શ્રી તાલુકા કુમાર શાળા ખાતે યોજવામાં આવ્યો. જેમાં રાજય સરકારની થીમ જી–૨૦ 'વશુધૈવ કુટુમ્બકમ' "one earth, one family, one future થીમ અન્વયે વિવિધ શાળાઓમાંથી આવેલ બાળકો દ્વારા ચિત્ર,ગાયન, વાદન, વાર્તા કથન અને વાર્તા લેખન સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

આ તકે નિર્ણાયક તરીકે કે.પી. આશરા સ્કૂલનાં શિક્ષક, આચાર્ય કનૈયા લાલ, ગલકોટડી, એચટાટ આચાર્ય દિપકભાઈ દવે, પ્રકાશભાઈ દવે, જીવાપર અક્ષર શાળાનાં શિક્ષક ડો. આંબલીયા મુકેશભાઈ, અમરાપરા પ્લોટ શાળાનાં શિક્ષક ભાવિનભાઈ આંબલીયા, જ્ઞાન જયોત હાઈસ્કૂલનાં હરેશભાઈ વડાવિયા તેમજ તાલુકા શાળાનાં આચાર્યા દક્ષાબેન સરવાલિયા દ્વારા ખુબજ સરસ આયોજન તેમજ નિર્ણાયક તરીકેની કામગીરી કરવામાં આવી. બાબરા તાલુકાનાં બીઆરસી નીતિનભાઈ ચાવડાએ બાળકોને પ્રોત્સાહિત કરવા હાજર રહેલા. આ તકે બાબરા તાલુકા કલસ્ટરના સીઆરસી શિવરાજ ભાઈ ખાચર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુંદર આયોજન કરવામાં આવેલ હતું.

---

### વડાપ્રધાનનાં હસ્તે રવિવારે

## સાવરકુંડલા રલ્વે સ્ટેશનનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કરવામાં આવશે

### રેલ્વે સ્ટેશનમાં આધુનિકરણ કરવામાં આવશે



સાવરકુંડલા, તા. ૪

૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સાવરકુંડલા રેલવે સ્ટેશનનું અતિઆધુનિક નવીનીકરણનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આગામી તારીખ ૬/૮ને રવિવારે વર્ચ્યુઅલ દ્વારા ભૂમિપુજન કરવામાં આવશે. આ તકે ભાવનગર વિભાગ રેલવેનાં અધિકારીઓ ડી.આર.એમ. ગુજરાત રેલવેનાં અધિકારીઓ તેમજ ગુજરાત રાજયનાં મંત્રીઓ, સાંસદ અને ધારાસભ્યો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

સાવરકુંડલા રેલવે સ્ટેશન ખાતે પેસેન્જરો માટે આધુનિક સુવિધાઓથી સજજ બનાવવા માટે વડાપ્રધાન દ્વારા વર્ચ્યુઅલ ઉદ્દ્યાટન અને ભૂમિપુજન કરવામાં આવશે. સાવરકુંડલા રેલવે સ્ટેશનને આદર્શ સ્ટેશન યોજના હેઠળ વિકસાવવાનું લક્ષ્યાંક છે. વિવિધ મુસાફરોની સુવિધાઓ જેમાં, અન્ય બાબતોની સાથે, સ્ટેશન બિલ્ડિંગનાં અગ્રભાગમાં સુધારો, રિટાયરિંગ રૂમ, વેઈટિંગ રૂમ, સ્નાન કરવાની સુવિધા સાથે, મહિલાઓ માટે અલગ વેઈટિંગ રૂમ, ફરતા વિસ્તારનું લેન્ડસ્કેપિંગ, નિર્ધારિત પાર્કિંગ, સંકેતો, પે એન્ડ યુઝ શૌચાલય, સ્ટેશન પર જરૂરીયાત, મુસાફરોની અવરજવરની માત્રા અને ભંડોળની ઉપલબ્ધતાને આધીન આંતર–સેલ અગ્રતાનાં આધારે સ્ટેશનની સંબંધિત શ્રેણી અનુસાર ફૂટ ઓવર બ્રિજ, સ્ટેશનમાં પ્રવેશ પર રેમ્પ વગેરે પ્રદાન કરવામાં આવશે. મેજર અપગ્રેડેશન ઓફ રેલ્વે સ્ટેશનની નવી એક છત્ર કાર્ય યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં જે સુવિધાઓની કલ્પના કરવામાં આવી છે. તેમાં સ્ટેશન બિલ્ડીંગનું પુનઃનિર્માણ, સુધારો, વૃદ્ધિ, સ્ટેશન પરિસરમાં ભીડમુકત બિન વિરોધાભાસી પ્રવેશ બહાર નીકળો, મુસાફરોના આગમન પ્રસ્થાનનું વિભાજન, ભીડભાડ વિના પર્યાપ્ત સંમેલન, શહેરની બંને બાજુઓ જયાં પણ હોય ત્યાં એકીકરણનો સમાવેશ થાય છે. વપરાશકર્તા મૈત્રીપૂર્ણ સંકેતો, સારી રીતે પ્રકાશિત પરિભ્રમણ વિસ્તાર અને ડ્રોપ ઓફ, પિક અપ અને પાર્કિંગ વગેરે માટેની પૂરતી જોગવાઈ અને જરૂરિયાત અને શકયતા અનુસાર અન્ય સુવિધાઓની સાથે દિવ્યાંગજનોની તમામ સુવિધાઓ સ્ટેશનમાં મોટા અપગ્રેડેશનનાં કામને મંજૂરી આપવામાં આવી છે.

'સાવરકુંડલા રેલવે સ્ટેશનનો અમૃત રેલવે સ્ટેશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેનું ઈ–ખાતમુહૂર્ત દેશનાં વડાપ્રધાનનાં હસ્તે આગામી તારીખ ૬–૮ ને રવિવારે સવારે ૯–૩૦ કલાકથી કરવામાં આવશે આ કાર્યક્રમમાં સાવરકુંડલા, લીલીયા શહેર અને તાલુકાનાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. સાવરકુંડલા રેલવે સ્ટેશનનું આધુનિકરણ કરવામાં આવતા સમગ્ર વિસ્તારનાં લોકોમાં ખુશી વ્યાપી જવા પામી છે'.




* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી
ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ।મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999





HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂ. 64,900/-* થી શરૂ

સૌથી સસ્તુ બાઈક
ફ્રી હેલ્મેટ
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

# વાર્તા–વૈભવ

## એને પરણવું હતું

– અનિલભાઇ શ્રીધરાણી



અનિલભાઇ શ્રીધરાણી

(ગયા અંકનું ચાલુ)

'પૂજય માની સેવામાં, લિ. છોરું લક્ષ્મણ પાયલાગણ. તારો કાગળ મળ્યો, વાંચીને બહુ ખુશી થઈ. નોકરીએ રોજ જાઉં છું. હવે આમ તો ગોઠી ગયું છે.

એક ભાઈબંધ પણ મળી ગયો છે. પણ રાતે ઘડીનાં વિસામાં જેવું કોઈ નથી. તેથી કોઈવાર બહુ વસમું લાગે. તેં મારા લગન માટે લખ્યું એટલે હું પૈસા તો ભેગા કરીશ પણ તને મોકલી નહીં શકાય. માડી, ઓછા પૈસાવાળું બૈરું ગોતજે. બહુ રૂપ નહીં હોય તોય વાંધો નહીં. મારી ચિંતા નો' કરતી. સુરેશભાઈને મારા પ્રણામ કહેજે.

આ અરસામાં મેં અભ્યાસ પૂરો કરી લીધો અને નોકરી પર ચડી ગયો. અચાનક મારે મુંબઈ અને કોલકત્તા બાજુ જવાનું થયું. લક્ષ્મણની માને જણાવ્યું. એટલે એ તો ખુશ થઈ ગઈ. જાણે દીકરાને એ પોતે જ મળવાની હોય એમ આનંદિત થઈ ગઈ. વિગતથી ઝીણી ઝીણી ઘણી વસ્તુઓ મારી સાથે બંધાવી.

છૂટા પડતી વખતે મને કહે કે, 'સુરેશભાઈ લખમણને કે'જો કે તારી માની કાંઈ ચિંતા નો' કરે. આપણી નાતમાં છોકરીના બહુ પૈસા માંગે છે. ત્યાં એટલામાં કાંઈ હોય તો ભાળ કાઢે.' હું હસીયે ન શકયો. કલકત્તા તેને મન કલ્પના કરી કરીને પોતાના ગામથી બમણાંથી વધુ દૂર ધારી શકાતું નો'તું.

કલકત્તામાં હું લક્ષ્મણને મળ્યો. આપ્તજન મળ્યાં જેટલો એ ખૂબ આનંદ પામ્યો. તેનું શરીર ગળી ગયું હતું. મોં પર હાડકાં ઉપસી આવ્યાં હતાં. મારો હાથ પકડીને પોતાની ઓસરડીએ ખેંચી ગયો.

ઓરડી સાવ નાની હતી. એક પાથરણું, એક ઓઢવાની ચાદર, બે–ચાર વાસણો, બસ–આટલી તેની ઘરવખરી. ઓરડીમાં નજર ફેરવતાં બધે જ ગરીબી ડોકિયા કરતી હતી. ભીંત પર મારી નજર જતાં એક જગ્યાએ થંભી ગઈ. લક્ષ્મણનો ફોટો ફોટો ફ્રેમમાં મઢેલો ટીંગાયેલો હતો. વધુ આશ્ચર્ય તો એનું થયું કે એ ફોટા વાળી એ ફ્રેમ હતી. જેમાંનો એક ભાગ ખાલી હતો. ફ્રેમના માથા પર એક ચકલો ને ચકલી ગોષ્ઠી કરી રહ્યાં હતાં. અહીં તહીંથી તરણાં લાવીને માળો બાંધતા હતાં.

મેં લક્ષ્મણને કહ્યું, 'આ ફોટો...?'

લક્ષ્મણે મારું સાંભળ્યું ન સાંભળ્યું કર્યુ ને ચકલા–ચકલી ભણી હાથ ઉછાળતાં બોલ્યો, 'હટ્ તમારી જાતનાં...'

પછી મારા તરફ જોઈ એ હસ્યો, પરાણે. થોડી વારે એ બોલ્યો, 'સુરેશભાઈ, આ તે કંઈ જિંદગી છે. સવારથી સાંજ ઢસરડો કરવાનો. એય તે ઠીક કર્યે જાઈએ. પણ કોના માટે ?' એ અટકી ગયો. કંઈ સંકોચ થતો હોય તેમ મને લાગ્યું. વળી તે બોલ્યો, 'ઘરે બાલ–બચ્ચાં હોય, ને...' વળી એ મૂંઝાયો.

હું સમજી ગયો. હું ધીમું હસ્યો. એને લાગ્યું કે હું બધું જ સમજી ગયો છું. ચકલા–ચકલીને કેમ ઉડાડી મૂકયાં એ મને સમજાયું લક્ષ્મણ જુવાન થયો હતો.

મુંબઈ આવવા ટ્રેનમાં બેઠો ત્યારે લક્ષ્મણે કહ્યું, 'મારી માને કે'જો કે હવે કોઈનાં છાણ વાસીદાં ના કરે. હું મહિને મહિને થોડા પૈસા મોકલાવતો રહીશ અને,' તે અટકયો, ગજવામાંથી બચાવેલા સો રૂપિયા કાઢીને મારા હાથમાં મૂકતા બોલ્યો. 'એને કે'જો કે આટલા બહુ મુશ્કેલીથી બચાવ્યા છે.'

એ પછી હું લક્ષ્મણને મળ્યો નહીં. તેની મા પર તેના પત્રો વારેવાર આવતા. કોઈ વાર માંદો થઈ ગયાનાં સમાચાર પણ આવતા. તેની મા નિઃસાસો નાંખ્યા કરતી. ઘણીવાર આવીને મને કહેતી, 'સુરેશભાઈ, તમે હવે પરણી લ્યોને. તમારી ઉંમરે ય તે કંઈ થોડી જ નાની છે. આટલી ઉંમરે મારે લક્ષ્મણ અને તેનો મરી ગયેલો મોટો ભાઈ ખોળામાં રમતા હતા.' મને સમજાયું કે તે આડકતરું તો લક્ષ્મણનાં લગ્નનું જ સૂચન જ કરતી હતી. મેં કહ્યું, 'અમારી નાતમાં લગન મોટી ઉંમરે જ થાય.' એ પછી વરસેકમાં હું પરણ્યો ને મોટા શહેરમાં આવ્યો. લક્ષ્મણ સાથેનો છેલ્લો સંપર્ક પણ ઘટી ગયો. એક દિ'ખબર મળ્યા કે લક્ષ્મણની મા મરી ગઈ. હું મારા કામનાં બોજા તળે એટલો બધો ખુંપી ગયો હતો કે હું ગામડે જઈ ના શકયો. લક્ષ્મણને લખી નાખ્યું. મને ફરજ બજાવ્યાનો સંતોષ થયો. લક્ષ્મણનાં એ પછી બે – ચાર પત્રો આવેલા. પણ મેં તેને જણાવેલું કે અસહ્ય કામને લીધે હું નિયમિત લખી શકીશ નહી. કોણ જાણે કદાચ તેના હૃદયને આઘાત થયો હશે. તેની માના અવસાન બાદ હું જ તેનો એક માત્ર આશરો હતો. તેણે મને પત્રો લખવા બંધ કર્યા. અને એ મારી સ્મૃતિમાંથી ભુંસાઈ ગયો.

આજે જયારે છાપામાં ચોથા પાના પર ચાર લીટીમાં લક્ષ્મણ ગોવિંદનાં મૃત્યુનાં સમાચાર વાંચ્યા ત્યારે મારા માનસપટ પરથી તેનું જીવન એક સરતા ચિત્રપટ માફક સરી પડયું.

ચા ઠરી ગઈ હતી. હું પીધા વગર જ ઉઠી ગયો. મેં મારી પત્નીને કહયું, 'આજે બપોરની ટ્રેનમાં મારે રાજપર જવું છે એટલે મારો જરૂરી સામાન તૈયાર રાખજે.

ગામ જઈને તેના ઘરે તપાસ કરવા ગયો તો ઘરમાં બીજું કોઈ રહેવા આવી ગયું હતું. લક્ષ્મણનો એક સમયનો જાની દોસ્ત કાનજીને હું મળ્યો. એ લક્ષ્મણની મૃત્યું વખતની સ્થિતિ વર્ણવતાં મારી પાસે રડી પડયો.

મેં મારા મનને દ્રઢ કર્યુ. જેની જીવતાં હું દરકાર ન રાખી શકયો. તેને તેનાં મૃત્યું પર રડવાનો અધિકાર નથી. લક્ષ્મણને ક્ષય થઈ ગયેલો. તેની નોકરી છુટી ગયેલી. તેને થયું વતનમાં નોકરી મળી રહેશે. પરંતુ જે ક્ષય તેના શરીરનાં એક એક અણુંમાં પહોંચી ગયો હતો તેને, કયાંથી ખબર હોય કે બંગાળમાં જે રોગ ઘર ઘાલ્યું છે તેણે વતનમાં પણ બાકી નહોતું રાખ્યું.

લક્ષ્મણ મૃત્યું પામ્યો છે. તેને અકાળ મૃત્યુ તો કેમ કહેવાય ? હિન્દુસ્તાનનાં માણસનું સરેરાશ આયુષ્ય સત્યાવીસ વરસ છે. લક્ષ્મણ ઓગણત્રીસ વરસ જીવ્યો. એટલે એ તો બે વરસ વધુ જીવ્યો હતો. વસવસો એટલો જ રહી ગયો હતો કે જે પરણી શકયો નહી. એક સુખી ઘર બાંધી શકયો નહિ. કિલ્લોલતાં બાળ–બચ્ચાંના સ્વપ્ના જ જોવા પડયાં.

પોલીસે કરેલા પંચનામામાાં નીચે હકીકત લખી હતી : 'મરનારની પાસેથી એક ફાળિયું મળી આવ્યું છે. જેમાં એક લોટો હતો. દવાની પડીકીઓ જેવું હતું. અને એક ફોટોફ્રેમ. બે ફોટાવાળું ફોટોફ્રેમ હતું. જેમાં એક ભાગનો મરનારનો ફોટો હતો. ને બીજો ખાલી હતો. મૃત્યું શકમંદ અવસ્થામાં થયેલું હતું. હકીકતો પરથી ગાંડો હશે તેમ લાગે છે.''

''મરનારનું નામ લક્ષ્મણ ગોવિંદ હતું. જાતે સુથાર હતો. તેને પરણવું હતું પણ પરણી શકેલો નહી. તેની પાસેથી એક બે ફોટાવાળું ફ્રેમ મળી આવ્યું હતું, જેમાં એક બાજુ તેનો ફોટો હતો.''– મેં નોંધ ટપકાવી લીધી.

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# અમરેલીમાં સાહિત્ય પરિષદનું ૧૪મું જ્ઞાનસત્ર

(ગયા અંકનું ચાલુ)

ઘટના અને પાત્રને સામાજિક સંદર્ભથી મુકત કરી abstraction કરવાનું વલણ પણ વધતું જાય છે. શુદ્ધિકળાનાં ખ્યાલથી સુરેશ જોષીએ આને પ્રવર્તાવ્યું. કોઈ પણ માનવસંવેદન સામાજિક, નૈતિક, આર્થિક કે રાજકીય અધ્યાસોથી મુકત ન હોઈ શકે. આનાથી મુકત થયેલું કોરૂં સંવેદન ભાગ્યે જ પ્રભાવક હોઈ શકે.'' પ્રિયજન,' પલાશવન', અચલા'માં પાત્ર સંવેદન આવાં અધ્યાયોથી મુકત હોવાને લીધે 'મળેલાં જીવ,' કે 'વળામણાં'' જેટલું પ્રભાવક બનતું નથી. માનવમનની સંકુલતાનો તાગ લેવાનું નવલકથાએ માટે ભાગે ટાળ્યું છે. તત્વનિષ્ઠ અર્થ (Phiolosophlcal meaning) વાળી નિયતિને નિરૂપવાનો ઉદેશ નવલકથાનો નથી. તેનું લક્ષ્ય માનવ માનવ વચ્ચેનાં વ્યવહારમાંથી પ્રગટની સંવેદનાને આલેખવાનું છે. એટલે સામાજિક વાસ્તવની બાદબાકી કૃતિની સંકુલતાને ઘટાડે છે.

આધુનિક નવલકથામાં હજીય અપ્રસ્તુત વિગતો આવ્યા કરતી હોય છે. 'નિશાચક્ર' જેવી ફેન્ટસી મોડવાળી કે 'ફેરો' સ્વપ્નતીર્થ' જેવી પ્રતિકાત્મક મોડવાળી



જ્ઞાનસત્રનું દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કરી રહેલા આર. કે. ત્રિવેદી

નવલકથામાં કવિતાની ભાષાનો પ્રભાવ જોવા મળે છે. આનાથી કયારેક ભાષાનો logical discourse તુટતો જણાય છે. ગુજરાતી નવલકથાનાં રૂપ વિકાસમાં આ રચનાઓનું યોગદાન છે. કવિતાની નજીક જવાનાં પ્રયાસો ગુજરાતી નવલકથામાં લાભ કરતાં નુકશાન વધુ જણાય છે. જીવાતાં જીવનને ધ્યાનમાં રાખીને જ મહાન નવલકથા આલેખી શકાશે.

પ્રમોદકુમાર પટેલનો નિબંધ શ્રી ચીમનભાઈ ત્રિવેદીએ રજુ કર્યો. 'સરસ્વતીચંદ્ર' ગુજરાતી નવલકથાનું મોટું નવપ્રસ્થાન છે. તેમાં જીવનના વિવિધ પાસાને સ્પર્શવાનો પ્રયત્ન છે. પણ સાક્ષર ગોવર્ધનરામ વર્ચસ્વ ભોગવે છે. અલગ અલગ કથાઓને જોડતી કડીઓ નબળી રહી ગઈ જણાય છે. પછીનાં લેખકો પોતપોતાની રીતે લખતા રહયા છે. મુનશીનાં ઈતિહાસ અને પુરાણકથાઓનું પુનર્મૂલ્યાંકન થવું જોઈએ. ર.વ.દેસાઈમાં સુધારાની ભાવનાં પરાયણતાથી દુર રાખે છે. (દિવ્યચક્ષુ), દુરિતો અને સમસ્યાઓની વચ્ચેથી લેખકે વિકસવાનું છે. રવીન્દ્ર પારેખ રમેશ દવેએ નોંધ મોકલી નવલકથાઓની રખાતી સાદી સામે વિરોધ ઉઠાવ્યો હતો. અને રૂપવિકાસ પર ભાર દેવા જણાવ્યું હતું. **(ક્રમશઃ)**

# ભાતીગળ સૌરાષ્ટ્ર

# તમાકુથી ધાર્મિક નુકસાન

(ભાગ–ર)

હું તમને વધારે તો શું સમજાવું ? પણ યાદ રાખજો કે દરેક પ્રકારનાં અનાજને ઘંટીમાં પિસાવું પડે છે એમ તમારે પણ એક દિવસ અવશ્ય મોતનાં મુખમાં જવું પડશે. જેમ પાકી ગયેલા દાડમનાં ફળને ઉંદર ખાઈ જાય છે તેમ કાળરૂપી ઉંદર આ સંસારનાં દરેક પદાર્થનું ભક્ષણ કરી જાય છે.

જેમ ગમે તેટલું ઘી હોમવા છતાંય અગ્નિ સંતુષ્ટ નથી થતો એવી જ રીતે અનંતકાળથી આખા જગતનું ભક્ષણ કરતો કાળ અનેક પ્રાણીઓનું અને તમારૂ ભક્ષણ કરવા છતાંય સંતુષ્ટ થશે નહિ.

આ સંસારનાં સર્વ પક્ષી, પ્રાણીઓ, મનુષ્ય અને તમે પણ કાળ નો આહાર છો. બાગ – બગીચા, નદી–નાળાં અને બીજા સર્વે જડ, ચેતન, સ્થાવર જંગમ પદાર્થો તેમનાં મુખમાં છે. કોઈ પદાર્થ હંમેશા માટે રહેવાનો નથી. સર્વે દૈત્ય, દેવતાઓ, યક્ષો, ગંધર્વો, અગ્નિ, વાયુ તેના જ વડે નાશ પામે છે. જેમ દિવસ પછી રાત્રિ નિશ્ચિત છે એમ તમારૂં મોત અવશ્ય થવાનું છે. દેવતાઓનું નિવાસસ્થાન (સુમેરૂ પર્વત) પણ નાશ થવાનું છે. આ પૃથ્વી અને આ સમુદ્ર કે જેમને નથી આ કિનારો કે નથી પેલો કિનારો તેમને પણ કાળ એક દિવસ ઘસડી જશે. રાક્ષસો અને




રાક્ષસાધિપતિઓ પણ કાળથી બચી ન શકયાં, કેટલાયે મોટા યોદ્ધાઓ અને બહાદુર પહેલવાનો આ પૃથ્વી પર આવ્યા, પણ આખરે સમય આવતાં તેમને આ દુનિયા છોડવી પડી. મોટા મોટા રાજાઓ અને પ્રભાવશાળી શહેનશાહો પણ ચકકરમાં આવી જશે. તો પછી તમારો શું ભરોસો ? સર્વ કાળ નાં મુખમાં જ છે. કશુંય રહેવાનું નથી. વખત આવતાં સર્વે ચાલ્યું જાય છે. તમે પણ જવાનાં છો. તો પછી તમારો અહંકાર શાના ઉપર છે ? શા માટે તમાકુ જેવી અપવિત્ર વસ્તુ વાપરી રહયા છો ? શાના અહમ અને અભિમાન કરી રહયા છો ? તમારો પણ વારો આવવાનો છે. થોભી જાઓ. થોડો જ વખત બાકી છે. અરે હમણાં તમારો વારો આવ્યો કે આવશે. તમારો દેહ પડી જશે. આ તમારૂં શરીર અનિત્ય અને બિલકુલ જુઠુ છે.તેથી તેનો અવશ્ય નાશ થશે. જયારે હરહંમેશ સંસારનો નાશ થતો જોવામાં આવે છે. ત્યારે સંસાર ઉપર ભરોસો રાખવો એ તમારી મુર્ખતા નથી તો બીજું શું છે ?

કાળ જાહેર રીતે તો કોઈનાથી ઓળખી શકાતો નથી. પરંતુ મિનિટ, કલાક, દિવસ, મહિના અને વર્ષો વીતવા સાથે સારી રીતે જાણી શકાય છે.

યાદ રાખો, કાળ ઘણો જ નિષ્ઠુર છે. કોઈનાં પર દયા નહિ કરે. સર્વે જીવ એનાથી ડરીને નિર્બળ થઈ જાય છે. એના તાપ આગળ કોઈ પણ જીવ હિંમત કરી શકતો નથી. તમે પણ તમારી હિંમત હારી જવાના. કાળ ની કઠોરતાથી બધાય ડરે છે. એ મહા વિકરાળ રૂપ ધારણ કરી આખાય સંસારનો એવી રીતે નાશ કરે છે કે જેવી રીતે બાળ માટીનાં ઘરનો નાશ કરે છે. તેથી કોઈનો પણ ભરોસો રાખવો એ તમારા માટે મુર્ખતા છે. અગ્નિની માફક કાળ પણ નાનાપણું – મોટાપણું જોતો નથી. ખબર નથી કે પ્રથમ કોનો ભક્ષ કરે ! બની શકે કે આજે આપણે છીએ અને કાલે ન પણ હોઈએ.

# સંસ્કારની સુવાસ

– પ્રકાશ ડી. કુબાવત

આજ નંદનવનમાં બધા પ્રાણીઓ અને પક્ષીઓનાં બચ્ચાં ખૂબ ખુશ હતા. કારણ કે આજથી શાળામાં વેકેશન પડી ગયું હતું. વેકેશનમાં બધા પ્રાણીઓનાં બચ્ચાઓએ કંઈકને કંઈક આયોજન કરી જ રાખ્યું હતું.

વાઘ અને તેનો પુત્ર વિરુ હિલસ્ટેશને ફરવા જવાના હતા. શેરસિંહ તેના પરિવાર સાથે કેરલ ફરવા જવાનો હતો.બિરેન બાજનું બચ્ચું બિરજુ એકલું ઉદાસ હતું. તે વેકેશનમાં કશે જઈ શકે તેમ ન હતું. તેના પપ્પા સરકારી નોકરી કરતાં હતા. હમણાં જ ઈલેકશન હોવાથી તેને વેકેશનમાં પણ ડયૂટી હતી. અત્યારે તેની રજા મંજૂર થાય તેમ ન હતી.બિરજુને ઉદાસ જોઈ તેનાં પપ્પા સરકારી નોકરી કરતાં હતા. હમણાં જ ઈલેકશન હોવાથી તેને વેકેશનમાં પણ ડયુટી હતી. અત્યારે તેની રજા મંજૂર થાય તેમ ન હતી.બિરજુને ઉદાસ જોઈ તેના પપ્પા પણ બહુ દુઃખી થયા અને બોલ્યા, ''બિરજુ આ વખતે આપણે ફરવા જઈ શકીએ એમ નથી. એક કામ કર તું તારા મામાને ઘેર આંટો દઈ આવ. ત્યાં તેને બહુ મજા આવશે.બિરજુનાં મમ્મી કહે, ''મને તો વેકેશન પડયુ ત્યારનો આ વિચાર આવે છે. પણ બિરજુનાં મામાનું ઘર કેટલુ દૂર છે ! રસ્તામાં સુમનવન અને કાનનવન આવે છે. તેને એકલો મૂકતા મારો જીવ ચાલતો નથી.''આ વાતને બે–ત્રણ દિવસ થઈ ગયા. બિરજુની ઉદાસી વધતી જ ગઈ. બિરજુએ મામાનાં ઘરે જવાની હઠ લીધી. બિરજુ કહે કે, ''વેકેશનમાં અહીં કોઈ મારા મિત્ર નથી. દરેક બહાર ફરવા જતાં રહ્યાં છે. ભલે મામાનું ઘર દૂર રહ્યું પણ હું ત્યાં જઈશ જ મને જવાની રજા આપો.''

બિરજુનાં મમ્મી–પપ્પાએ શિખામણ આપતા કહ્યું કે, ''રસ્તામાં થાક લાગે ત્યારે રોકાઈ જજે. રસ્તામાં જે મળે તેની સાથે પ્રેમથી જ વ્યવહાર કરજે. કોઈ ખરાબ વ્યવહાર કરે તોપણ તારે તેની સાથે સારો જ વ્યવહાર કરવો.''

જવાબમાં બિરજુએ કહ્યું કે, ''તમે મારી ચિંતા કરશો નહિ. ચોક્કસ મામાનાં ઘરે પહોંચી જ જઈશ. રસ્તામાં બધા સાથે પ્રેમથી જ વર્તીશ.''

કચવાતા મને બિરેનભાઈ બિરજુને રજા આપે છે.

હવે બિરજુએ મામાનાં ઘરે જવા પ્રસ્થાન કર્યુ. સવારથી સાંજ સુધી તે ઉડતો જ રહ્યો. તેને જોયુ તો સુમનવન બાજુમાં જ હતું. થોડું વધુ ઉડી તે સુમનવન પહોંચ્યો. સૂરજ આથમી રહ્યો હતો. તે એક ઘેઘુર વડનાં ઝાડ ઉપર વિસામો લેવા બેઠો. રાત અહીં જ વિતાવવાનો તેને નિશ્ચય કર્યો.

થોડો વખત થયો ત્યાં ઘણાબધા પક્ષીઓ તેની પાસે આવ્યા અને તેને કહ્યું કેમ ''તમે અમારા મહેમાન છો. તમારું અહીં રોકાવાનું પ્રયોજન શું છે ?''બધાં પક્ષીઓએ તેની ખૂબ આગતા–સ્વાગતા કરી, સારું–સારું જમવાનું આપ્યું અને રાત્રે બધા પક્ષીઓ તેને ચા–પાણી પીવા પોતાના ઘેર લઈ ગયા.સવારે માંડ બિરજુને જવાની રજા આપી. એક દિવસ વધારે રોકાવાનો પણ આગ્રહ કર્યો.ભાવવિભોર થઈ બિરજુ માંડ ઉડાન ભરી શકયો.આખો દિવસ



ઉડતો રહ્યો ત્યારે માંડ કાનનવન આવ્યું. હવે તેનાં મામાનું ઘર ચંપકવન થોડુક જ છેટુ હતું.કાનનવનમાં પણ તે એક ઘેઘૂર વડલા ઉપર વિશ્રામ લેવા બેઠો. સખત ઉનાળાનાં તાપથી તે બેબાકળો બનીને બેઠો હતો. પાણીની પણ ખૂબ તરસ લાગી હતી. તેને એમ કે સુમનવનની જેમ હમણાં બધા પક્ષીઓ આવશે અને તેને પાણી સહિત સારા ભોજનની વ્યવસ્થા કરશે.

તે અડધી કલાક વાટ જોતો જ રહ્યો એક પણ પક્ષી તેની પાસે આવ્યું નહીં. એકાદ કલાક પછી પક્ષીઓને ખબર પડતા તે તેની પાસે આવ્યાં. ''તું કયાંથી આવે છે અને કયાં જવું છે ? વગેરે જેવા સવાલો કર્યા. તેને બધી હકીકત જણાવી. છતાં પણ કોઈ પક્ષીને દયા આવી નહીં. કોઈએ તેને પાણી કે જમવાનું પૂછયું નહીં. એક પક્ષીએ તો આજ્ઞાનાં અર્થમાં કહ્યું કે, ''સવાર પડે એટલે તું અહીંથી જતો રહેજે. અમે અજાણ્યા કોઈને અહીં રાત રહેવા દેતા નથી. તમારા જેવા તો રોજ ચાલ્યા આવે. અમારે કેટલાની સરભરા કરવી !''

બિરજુને પોતાના માતાપિતાએ કહેલી વાત યાદ આવી. તે તો તેની સાથે પણ પ્રેમપૂર્વક જ વર્ત્યો અને કહ્યું કે, ''અત્યારે, તમે મને આશરો આપ્યો તેના માટે ધન્યવાદ. સવાર પડતાં જ હું ચાલ્યો જઈશ.''


રાત્રિનાં બાર થવા આવ્યા હતા, છતાં પણ બિરજુને નિંદર નહોતી આવતી.બિરજુએ દૂર નજર દોડાવી તો તેને દુર આગની જવાળા દેખાઈ ખાતરી કરવા હવે તે વૃક્ષની સૌથી ઉંચી ટોચે બેઠો. તેને ખબર પડી ગઈ કે જંગલનાં એક છેડે દવ લાગ્યો છે.એક વાર તો તેને થયું કે, ''બધા આ જ લાગના છે. પણ પછી તેને તેના મમ્મી–પપ્પાની વાત યાદ આવી કે બધા સાથે પ્રેમથી જ વર્તવું.''હવે તેને ભયનો અવાજ કાઢવાનો શરૂ કર્યો. બધાં પશુપક્ષીઓ તેના અવાજને લીધે જાગી ગયા અને શું થયું તે વૃક્ષ નીચે ભેગા થયા.

કાગડાએ કહ્યું કે, ''શું કામ બધાની નિંદર બગાડે છે. એક રાત પણ સરખો રહી શકતો નથી.''

કાગડાની વાતનું માઠુ લગાડયા વિના તે કહે, ''જંગલનાં એક છેડે આગ લાગી છે મે જોઈ. જો તમારે જીવ બચાવવો હોય તો આ નદીના સામા કાંઠે ચાલ્યા જાવ. એકાદ કલાકમાં આગ ફેલાતી–ફેલાતી અહીં સુધી પહોંચી જશે.'' બધા પશુ–પક્ષીઓએ તેનો ખૂબ આભાર માન્યો અને નદીનાં સામા કાંઠે જતાં રહ્યાં.

સારા સંસ્કાર આપવા માટે તેને તેના મમ્મી–પપ્પાનો મનોમન આભાર માન્યો.

બાલમિત્રો,



આપણે એટલે કે તમે જે કોઈ શાળામાં અભ્યાસ કરતાં હો ત્યારે તમારા કે તમારા મમ્મી–પપ્પાનાં મગજમાં એવું હોય કે બસ અભ્યાસમાં જ ધ્યાન દેવાય. ઈતર કાર્યમાં, પ્રવૃતિમાં જોડાવું નહિં. આવું વિચારવું સાચું એટલા માટે છે કે જો ભણવામાંથી ધ્યાન ભટકી ગયું તો માર્ક ઓછાં આવે. માર્કસ ઓછાં આવે તો આગળ જવામાં મુશ્કેલી પડે. આ વાત સાચી છે. પણ દરેક વિદ્યાર્થીનું મગજ, રુચિ, ધ્યાન, ભણવામાં જ હોય એવું ન બને. એટલા માટે કોઈને રમતગમતમાં, સંગીતમાં, નૃત્યમાં, રાસગરબામાં, નાટકમાં, કાવ્ય–વાર્તા લખવામાં રુચિ હોય તો એવા વિદ્યાર્થીઓએ એ વિષયોમાં પણ જવું જોઈએ એમાં આપણી કલાનું પ્રદર્શન કરવું જોઈએ. એમાં પારંગત થવું જોઈએ. જગતમાં બધી કલાનાં નિષ્ણાંત માણસો હોય છે. એમ તમેં પણ કોઈ એક કલામાં નિષ્ણાંત બનો એવું મારું કહેવાનું છે.

ભણવું, શિક્ષણ મેળવવું એ આપણી પ્રાથમિક જરૂરિયાત છે. પણ સાથોસાથ આવી કોઈ કલા શીખવી જોઈએ. સમય આપવાને કઈ દિશામાં લઈ જશે એ કોઈ નિશ્ચિત નથી હોતું. આપણામાં કહેવત છે ને, ''સંઘર્યો સાપ પણ કામ લાગે.'' એમ કોઈ કલા શીખ્યા હોઈશું તો વિષદ સમયે કામ લાગશે.

# ૧૯૦૮નો ઐતિહાસિક મુકદમો

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક



ગવર્નરને ૬ જુલાઈનાં રોજ મળવાનું નિશ્ચિત થયું, સરકાર નશાબંધી આંદોલનનાં આ અલ્પ વિરામને આવનારા જોખમનાં રૂપમાં જોઈ રહી હતી. એણે ૨૪ જુન, ૧૯૦૮ના રોજ તિલકની ધરપકડ કરી. તિલકના રહેવા છતાં શિષ્ટ મંડળ જયારે ગવર્નરને મળ્યું ત્યારે એમણે પાઈ ભરનો જવાબ આપી દીધો. ''ધરણા કરવાથી સ્વતંત્રતામાં હસ્તક્ષેપ થાય છે''

તિલકની ધરપકડ :

આ વેળા તિલકની 'કેસરી'માં છપાયેલા લેખ માટે ધરપકડ કરવામાં આવી હતી. આ લેખનું શીર્ષક હતું 'દેશનું દુર્ભાવ્ય'. ત્યાર બાદ આરોપોની યાદીમાં એક બીજા લેખ પણ સામેલ કરાયો હતો. આરોપ એ લગાવાયો હતો કે તેઓ પોતાના લેખથી બંગાળમાં થયેલા બોમ્બ કાંડોનું સમર્થન કરે છે. પરંતુ હકીકતમાં એમની પ્રચંડ દેશભકિત અને દેશમાં એમનાં વધતા જતાં પ્રભાવને કારણે એમને ગિરફતાર કરવામાં આવ્યા હતા.

તિલકે આ મુકદમામાં પોતે જ પોતાની બાજુ રજુ કરી, જે ૨૧ કલાક ચાલી. એમની રજુઆતનું આ વકતવ્ય દેશભકતો અને સ્વતંત્રતા સંગ્રામનાં સૈનિકો માટે એક આહ્વાન હતું. એમણે પહેલાં તો એ જણાવ્યું કે જે લેખોને કારણે મારા પર મુકદમો ચલાવવામાં આવી રહયો છે, એનો અંગ્રેજી અનુવાદ જ ખોટો થયો છે. સરકારી સાક્ષી સાથે તિલકે જયારે દલીલ શરૂ કરી તો એ તો ઘણી વાર તત–ફફ થઈ ગયો. ત્યાર બાદ તિલકે જણાવ્યું કે સરકારની ભૂલો કાઢવી કે શાસનમાં સુધારાની માંગ કરવી એને રાજદ્રોહ ના કહેવાય. લોકોની સ્વતંત્રતા માટે લડવું અને સરકાર બદલવી એ તો દરેક વ્યકિતનો અધિકાર હોય છે. એ દિવસોમાં ગોરા સમાચારપત્રોને બધું જ કહેવાની છુટ હતી પરંતુ ભારતીય અખબારોને આ છુટ નહોતી. તિલકે કહયું કે તેઓ પોતાનાં



લેખો દ્વારા ગોરા અખબારોનાં જુઠા પ્રચારનો વિરોધ કરવા માંગતા હતાં. જયુરીનાં યુરોપિયન સભ્યોએ એમને યાદ કરાવ્યું કે ઈંગ્લેન્ડમાં પણ સમાચારપત્રોને લાંબા સંઘર્ષ પછી જ સ્વતંત્રતા મળી હતી. હું ઈચ્છુ છુ કે ભારતમાં પણ આપ આજ વસ્તુનું સમર્થન કરો.

પરંતુ સરકારે તો પહેલેથી જ તિલકને સજા આપવાનો નિર્ણય લઈ લીધો હતો. સામાન્ય રીતે અદાલતો સાંજ પડયે ઉઠી જતી હોય છે. પણ ૨૨ જુલાઈ ૧૯૦૮ ના રોજ અદાલત રાત્રે મોડા સુધી ચાલુ રહી. રાત્રે નવ વાગીને વીસ મિનિટે ૧૮૯૭ની જેમ જ આ વખતે પણ ભારતીય જયુરીઓને તિલક નિર્દોષ જણાયા અને અંગ્રેજ જયુરીઓને દોષી. જજે ફેંસલો આપતાં પહેલા તિલકને પુછયું કે તેઓ જો કંઈ કહેવા માંગતા હોય તો કહી શકે, એ પ્રસંગે તિલકે જે શબ્દો કહયાં હતાં તે આજે પણ આપણા કાનમાં ગુંજે છે. એમણે કહયું, ''જયુરીનાં નિર્ણય છતાં હું કહું છું, કે હું નિર્દોષ છું. અમારી ઉપર કેટલીક મહાન શકિતઓ છે. જેનાં ઈશારે મનુષ્ય અને એનો સંસાર ચાલે છે. શાયદ વિધાતાની એ જ ઈચ્છા છે કે કાર્ય હું કરવા માંગુ છું, તે મારા સ્વતંત્ર રહેવાની અપેક્ષા કષ્ટ સહ્યા પછી જ પુરૂં થશે.'' જજે પોતાનાં ફેંસલામાં એમને ત્રણ આરોપોમાંથી પહેલા બે આરોપ માટે ત્રણ–ત્રણ વર્ષની કાળા પાણીની સજા ફરમાવી જે એક પછી એક ભોગવવાની હતી. આ રીતે એમને છ વર્ષની કાળા પાણીની સજા થઈ. ત્રીજા આરોપ માટે એમને એક હજાર રૂપિયાનો દંડ થયો.

તિલક પહેલાની જેમ જ શાંત, સંયમી એન ગંભીર હતા. જજ ૧૦ વાગ્યે ઉઠયા, ૨૨ જુલાઈની એ અંધારી રાત હતી. વરસાદ ધોધમાર પડી રહયો હતો. આમ છતાં હજારો લોકો પોતાનાં પ્રિય નેતાનાં દર્શન માટે અદાલતની બહાર ઉભા હતા. પોલિસ તિલકને પાછલા દરવાજેથી એક બંધ ગાડીમાં રેલવે સ્ટેશને લઈ ગઈ, ત્યાંથી એક વિશેષ રેલગાડીમાં એમને અમદાવાદ લઈ જવામાં આવ્યા, જનતા તિલકનાં દર્શન પણ ના કરી શકી.

આટલી ઝડપથી તિલકને આવી કઠોર સજા આપવાનું અસલી કારણ હતું. એમનાં લેખોથી અને કાર્યોથી દેશમાં ખુબ ઝડપથી જાગૃતિ પેદા થઈ રહી હતી. અંગ્રેજ સરકારને આને કારણે પોતાનું સિંહાસન ડગમગતું લાગતું હતું.

મુંબઈના એ વખતનાં ગવર્નરે ઈંગ્લેન્ડ સ્થિત ભારતમંત્રીને પોતાનાં એક પત્રમાં તિલકની પ્રવૃતિઓ વિશે લખ્યું હતું, ''ભારતમાં અંગ્રેજ સરકારનો વિરોધ કરનારા મુખ્ય ષડયંત્રકારીઓમાંથી આ એક છે, બલ્કે આજ મુખ્ય ષડયંત્રકારી છે. એનાં દ્વારા સંચાલિત ગણપતિ ઉત્સવ સમારોહ નાણાં – કોષ એન રાષ્ટ્રીય સ્કુલ– બધું એક જ હેતુથી ચલાવાય' છે.. અને આ હેતું છે અંગ્રેજી શાસનને ઉથલાવવું.''

## વિવિધ પ્રકારનાં વિચારો ને તેમના પર વિજય

# વિચાર શકિત
(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**(ગયા અંકનું ચાલુ)**

જ રીતે જેવો દુનિયાદારી વિચાર હૃદયમાં ઉત્પન્ન થાય તેવો જ તેને અટકાવી દેવો એ સહેલો છે. ઉત્પન્ન થાય તે પહેલાં જ તેને દાબી દો. તેને ઉંડા મૂળ નાખવા દો નહિ.

**૫. મલિન વિચારો પર વિજય મેળવો**

જયારે તમે તમારા રોજના વ્યવહારનાં કામમાં લીન હો ત્યારે મનમાં મલિન વિચાર પ્રવેશશે નહિ, પણ જયારે તમે આરામ કરતા હો ને મન, તદ્દન શૂન્ય હોય ત્યારે અશુદ્ધ વિચારો ચૂપકીથી અંદર પ્રવેશ કરી જશે. જયારે મન આરામ કરતું હોય ત્યારે જ સચેત રહેવાનું છે.

એક જ વિચારનું વારંવાર આવર્તન થવાથી તેનું બળ વધે છે. જો એકવાર સારો કે ખરાબ વિચાર મનમાં આવ્યો તો તે સારો કે ખરાબ વિચાર પછી વારંવાર આવવાનો જ.

જેમ એક જ જાતનાં પક્ષીઓ ટોળે મળે છે, તેવી જ રીતે સજાતીય વિચારો એક જ સ્થળે એકઠાં થાય છે. જો તમે એક મલિન વિચાર કરશો તો બીજા અનેક મલિન વિચારો ભેગા થઈ તમારા ઉપર હલ્લો કરશે. જો તમે એક સારો વિચાર કરશો તો બીજા સારા વિચારો પણ સાથે મળીને તમને મદદ કરશે.

**૬. નિષેધાત્મક વિચારોને દાબી દો**

તમારા બધા વિચારો સંયમમાં રાખવાનું. શુદ્ધ કરવાનું અને વ્યવસ્થિત કરવાનું શીખો. બધા નિષેધાત્મક મલિન વિચારો સામે યુદ્ધ કરો અને શંકાને મનમાં સ્થાન આપો નહિ. તમારા મનમાં મહાન દિવ્ય વિચારોને સર્વ બાજુથી આવવા દો.

નિષ્ફળતા, નિરાશા, નિર્બળતા, અંધકાર, શંકા, ભય વગેરે પ્રત્યાઘાતી વિચારો છે. બળ, શ્રદ્ધા, હિંમત, આનંદ વગેરેનાં પ્રગતિશીલ વિચારોને કેળવો એટલે પ્રત્યાઘાતી વિચારો તેની મેળે અદ્રશ્ય થશે.

મનને દિવ્ય વિચારો, જપ, પ્રાર્થના, ધ્યાન ને પવિત્ર ધાર્મિક પુસ્તકોના વાંચનમાં જ લીન રાખો. બધા વિરોધી વ્યાવહારિક વિચારો પ્રત્યે જરા પણ ધ્યાન આપો નહિ, એટલે તેઓ આપોઆપ ચાલ્યા જશે. તેનાં પર મન કેન્દ્રિત કરો નહિ. ઈશ્વરને શકિત માટે પ્રાર્થના કરો. સંતોના જીવન ચરિત્રો વાંચો. ભાગવત અને રામાયણનાં રોજ સ્વાધ્યાય કરો. બધા ભકતોને આ મુસીબતમાંથી પસાર થવું પડયું છે, માટે હિંમત રાખો.

**૭. દૈનિક વ્યાવહારિક વિચારોને વશ થાઓ નહિ**

શરીર, પોષાક, ખોરાક, વ્યવહાર વગેરે સંબંધી આપણા મનમાં ક્ષણે ક્ષણે સ્ફૂરતા વિચારોને પરમાત્મચિંતન, પ્રકૃતિચિંતન અથવા હૃદયની અંદર રહેલ દિવ્ય આત્માનાં ચિંતનથી દૂર કરો. આ કામ પર્વત ચડવા જેટલું મુશ્કેલ છે. તેમાં ખુબ જ ધીરજ, સતત અભ્યાસ અને આધ્યાત્મિક બળની જરૂર પડે છે.

શ્રુતિ પોકારીને કહે છે, “ નિર્બળ માણસ આ આત્માને પ્રાપ્ત કરી શકે જ નહિ. જેઓ હૃદયપૂર્વક આત્માનું દર્શન કરવા ઈચ્છે છે તેઓ દુનિયાના બધા વિષયભોગોમાંથી પોતાના ચિત્તને વાળીને શાશ્વત ને સનાતન તત્વ બ્રહ્મનાં ચિંતનમાં જ પોતાની સર્વ શકિત લગાવે છે.” જેઓએ બધી વાસના અને વિષય ભોગ સંબંધી સર્વ વિચારોને નાશ કર્યો છે, તેઓ જ સુખ, શાંતિ, સમતાપૂર્ણ સનાતન બ્રહ્મમાં જ શાશ્વત આનંદ માણે છે. તેઓએ સમદ્રષ્ટિ પ્રાપ્ત કરી હોય છે. ભેદદ્રષ્ટિને દ્વન્દ્વના જોડકાથી પર જઈને તેઓએ આધ્યાત્મિક ખજાનો પ્રાપ્ત કર્યો હોય છે. આફતનાં પડીકા સમાન આ મનનો નાશ કરો. આ તોફાની અને શકિતશાળી મન જ બધા રાગદ્વેષ, ભય ને દુઃખ ઉત્પન્ન કરે છે. જયારે દ્રંશ્ય અને દર્શન બંને સાથે મળી દ્રષ્ટામાં લીન થઈ જાય ત્યારે જ આનંદ શેષ રહે છે. એ તુરીયા સ્થિતિ નામે ઓળખાય છે. ત્યારે જ અપાર જ્ઞાનરૂપી આત્માનું સર્વત્ર દર્શન થાય છે, અને સર્વ પ્રકારનાં ભેદભાવ અને દ્વન્દ્વો મૂળમાંથી નાશ પામે છે. દુનિયાની જડ વસ્તુઓ પ્રત્યે મોહ કરનાર રાગ ને વેરઝેર કરાવનાર દ્વેષ. તેમ જ અમૂક વસ્તુ ગમતી છે. અને અમુક અણગમતી છે, એવા ભેદભાવ તદ્દન નાશ પામી જાય છે. આવી સ્થિતિમાં યોગી શરીરમાં રહેવા છતાં શરીરનું ભાન પણ તદ્દન ભૂલી જાય છે. ઘરથી દૂર હોવા છતાં યુવતીનું મન જેવી રીતે ઘરનાં સર્વ કામ પર જ કેન્દ્રિત થયું હોય છે. તેવી જ રીતે, આ યોગી પોતાના મનનાં દરેક વિચાર પર કાબૂ ધરાવે છે, અને પોતાના મનને બ્રહ્મ પર જ કેન્દ્રિત કરે છે.

ભવિષ્યમાં દુનિયાની વસ્તુ મેળવવાની કોઈપણ ચિંતા કર્યા વિના તમારું મન સર્વદા સત્કાર્યો કરવામાં જ લીન રાખો કે જેથી તમને જ્ઞાનપ્રાપ્તિ સુલભ થાય ! પૂર્ણ દિવ્ય પ્રકાશમાં લીન થઈ કૃતાર્થ બનો !

**(ક્રમશઃ)**

# નિબંધ : મારો પ્રવાસ

મારો યાદગાર પ્રવાસ અમારી શાળામાં અમને આકાશવાણીની વાત અમારા સર એ કરેલી હતી. કે અમારે આકાશવાણીમાં બોલવાનું છે. અમને ઘણા બધા વિષયો આપેલા વ્યસ્ન મુકતુ ઝવેરચંદ મેઘાણી, ભગતસિંહ, સુનિતા વિલીયમ, વગેરે અમને વિષયો આપેલા હતા.

એમાંથી મે ઝવેરચંદ મેઘાણી વિશેની માહિતી મેળવી. તેના વિશે મે જાણ્યું, તેઓ સાહિત્યકાર હતા. તેના વિશે મે ઘણું લખ્યું અને સ્પીચ તૈયાર કરેલી રોજ અમારી શાળા અમારા ટ્રસ્ટી શ્રી કાચા સાહેબ અમને તેની તૈયારી કરાવતા હતા. રોજ અમને તૈયારી કરાવતા અને અમને મોઢે થઈ ગયું. પછી અમારા સાહેબશ્રી કાચા સાહેબએ વાત કરી કે બાળકો આપડે રાજકોટ આકાશવાણીમાં જવાનું છે. અને એ પણ બસમાં તો બધા બાળકો ખુશ – ખુશાલ થઈ ગયા અને આનંદમય થઈ ગયા. અમારે રવિવાર સવાર ૧૦ વાગે નીકળવાનું હતું, પ્રવાસમાં બધા બાળકો ઘરેથી ટીફીન લઈને આવી ગયા અમે બરોબર ૧૧ વાગ્યે નીકળ્યા.

અમારી સાથે અમારા શિક્ષીકા આશાબેન પાટિલ અમારી સાથે આવ્યા હતા. અમે બધા શિક્ષકોને આર્શીવાદ લઈને બસમાં બેસી ગયા. અમારા શિક્ષીક અમને અંતાક્ષરી રમાડી અમને તેમાં ખુબ જ આનંદ આવ્યો. બધા બાળકો જુના–નવા ગીતો ગાવા લાગ્યા અમારે ૧ ટુકડી બનાવી એક છીકરાની અને એ છોકરીઓની ગીત ગાતા અમે રાજકોટ પહોંચી ગયા. અમને પહેલા ગાર્ડનએ લઈ ગયા ત્યાં અમે ભોજન કર્યુ.

તે પછી અમને આકાશાવાણીમાં લઈ ગયા અમારે પહેલા જ અનુભવ હતી. અને અમારા માટે નવું હતું. બધા બાળકો તો દોડી પહોંચી ગયા. અમારા શિક્ષક આકાશવાણીનાં વર્ગમાં લઈ ગયા. ત્યા અમે બધાંએ પોતાનાં વિષયોમાંની સ્પીચ આપી અને તે આકાશવાણીમાં મુકાયું.


પછી અમારા સર શ્રી કાચા સાહેબ અમને રાજકોટનાં હાજી ડેમએ લઈ ગયા તથા અમે અનેક પક્ષીઓ જોયા, કેટલી ૭ પક્ષી તો અલગ દેખાવનાં હતા. ત્યા અમે માછલી ઘર પણ દેખાડયુ. પછી અમે ૭ વાગ્યે પરત નીકળી ગયા. પાછા અમે અંતાક્ષરી કરતા – કરતા પાછા અમારી શાળા પી. એન.વોરા વિદ્યાનિકેતનએ પહોચી ગયા મને ખુબ જ મજા આવી અને મારા જીવન યાદગાર પ્રવાસ બની ગયો. મારા દોસ્તો શિક્ષકો સાથે આનંદ કરવાની ખુબ જ મજા આવી અમારા શિક્ષક શ્રી કાચા સાહેબએ પ્રવાસ કરવાથી મને ખુબ જ મજા આવી...

**–પરમાર વેદાંત મનોજભાઈ ધોરણ– ૮ (એ), શાળા : પી.એન.વોરા વિદ્યાનિકેતન (રૂપાયતન)**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૯૧. મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ

૯૨. જેનું જીવન શુદ્ધ છે તેનો હિસાબ ચોખ્ખો છે.

૯૩. અંતકાળે બીક લાગે છે. કરેલાં પાપોની યાદી થાય છે.

૯૪. ચોવીસ કલાક ઈશ્વરનું સ્મરણ રહે તે ભકિત.

૯૫. મન સંસારનાં વિષયોમાં અને શરીર ઠાકોરજીની સેવામાં હોય, તો સેવામાં આનંદ આવશે નહીં.

૯૬. પરમાત્માની સેવા ત્યારે જ થશે, જયારે સંસારના વિષયો સાથેનો પ્રેમ ઓછો થશે.

૯૭. પરમાત્મા પ્રત્યે પ્રેમ કેળવવો હશે. તો વિષયોનો પ્રેમ છોડવો જ પડશે.

૯૮. સંસારને છોડવાની જરૂર નથી. વિષયોનો મોહ છોડવાની જરૂર છે.

૯૯.વાસનાં કોઈને આગળ વધવા દેવી નથી.

૧૦૦. ઉતમમાં ઉતમ વસ્તુ ભગવાનને અર્પણ કરવી તે ભકિત.

# જ્ઞાનમંજરી

**શબ્દ દેહ બક્ષતા શિલ્પીઓ**

(૧૧) ગુજરાત સાહિત્યસભાનાં સ્વપ્નદ્રષ્ટા કોણ છે ?
– રણજિતરામ મહેતા

(૧૨) દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરને શેનું બિરૂદ મળ્યું છે ?
– સવાઈ ગુજરાતીનું

(૧૩) રામનારાયણ પાઠકે કયાં ઉપનામથી ટુકીવાર્તા લખી છે ?
– દ્વિરેફની વાતો.

(૧૪) 'શેષ' ઉપનામથી કાવ્યોની રચના કોણે કરી છે ?
– રામનારાયણ પાઠક.

(૧૫) ગુજરાતી સાહિત્યમાં છંદનાં શ્રીગણેશ કયાં સર્જકે કર્યો ?
– બળવતંરાય ક.ઠાકોર

(૧૬) ઉમાંશકર જોશીને કયાં કાવ્યસંગ્રહ માટે પારિતોષિક મળ્યો હતો.?
– નિશીથ

(૧૭) ગૌરીશંકર જોશીનું ઉપનામ શું છે ? – ધુમકેતું

(૧૮) રાષ્ટ્રીય શાયરનું બિરૂદ પ્રાપ્ત કરનાર સર્જકનું નામ જણાવો
– ઝવેરચંદ મેઘાણી

(૧૯) મનુભાઈ પંચોળી કયાં ઉપનામથી જાણીતા છે ? – 'દર્શક'

(૨૦) કાગવાણીનાં સર્જક કોણ છે ? – દુલા ભાયા કાગ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## ડોલર રહે તે પુષ્પ, ન ડોલે તે કંટક

જીવનમાં જયારે કે કંઈ મળી આવે, તેને પરમાત્માની પ્રસાદી માની રાજીપાથી સ્વીકારી લે, તેને 'ભકત' જાણવો. જીવાતા જીવનમાં સારી – માઠી પરિસ્થિતિઓ, ઘટનાઓને સમતોલભાવે, તટસ્થતાપુર્વક સહજ રીપે જે આવકારે છે. તેને તનાવનો બાપેય શું કરી લેવાનો ? – ને જે વાતવાતમાં વિચલિત થઈ જાય, વિવાદ છેડી દે, ત્યાં ટેન્શનનાં ધામા કાયમનાં ! કેટલાક લોકો 'ભારેખમપણા' નાં જંતુ ફેલાવ્યાં જ કરતા હોય છે, તેમનાંથી દસ મીટર દુર રહેવું ! હળવાશ અનુભવવી અને ફેલાવવી – વગર મૂડીનો ધંધો !

# વાર્તા રે વાર્તા

દર રવિવારે રૂપાયતન શાળામાં સવારે ૯:૩૦ થી ૧૧ વાર્તા રે વાર્તા કાર્યક્રમ ચાલે છે. ઘણાં બાળકો આવે છે. તા. ૨૯/૭/૨૩નાં રોજ બાળકોએ રજૂ કરેલ કૃતિઓ. ધો. ૭ નાં હેમાંગી પરમાર, રાઠોડ એન્જલ, દાફડા સુહાના, ચૌહાણ નીતિએ સુંદર સમૂહમાં ગીત રજૂ કર્યુ. માધડ વિદ્યા, વાળા પૃથ્વીરાજ, ખુમાણ જેની, રાઠોડ નિરાલી, ડાંગર મનવી, શેખવા સૂર્યાશી, રાઠોડ નિરાલીએ મજાનાં બાલગીતો રજૂ કર્યા. શેખવા સૂર્યાશીએ ઉખાણાં પૂછી જ્ઞાન ચકાસ્યું, મકવાણા જય ધો.૮ સરસ મજાનાં વિજ્ઞાનનાં પ્રશ્નો પૂછી જ્ઞાન ચકાસ્યું, અન્ય જોવાને સાંભળવા પણ બાળકો આવેલાં. અંતમાં ત્રિશૂલની ચોકલેટ લઈ છૂટા પડયાં. ત્રિશૂલ એજન્સીનાં ભરતભાઈ બાળકોને મફત ચોકલેટ ખવડાવી રાજી કરે છે. આભાર ભરતભાઈ.

# રાણી લક્ષ્મીબાઈ

– શશિ શર્મા



**ભાગ– ૩૦**

રાવ સાહેબે અહીં પણ સમયને ના ઓળખ્યો. એમણે પોતાનો રાજયાભિોક કરાવ્યો, સમારોહ યોજાવ્યા અને જાણે ભૂલી જ ગયા કે ગ્વાલિયર હાંસલ કરવાનો હેતુ શો હતો. આ બધા વચ્ચે રાણી ખૂબ સતર્ક રહ્યાં. કેટલીક સેનાની સહેલીઓ અને સરદાર આગામી યુદ્ધની તૈયારી કરવા લાગ્યાં. એમને ખબર તી કે આજે નહિ તો કાલે, અંગ્રેજો આક્રમણ જરૂર કરશે. એમને જડબાંતોડ જવાબ આપવાની તૈયારી ચાલતી હતી. આસપાસનાં વિસ્તારોનું બારીકાઈથી નિરિક્ષણ કરાતું હતું. એવા રસ્તા પણ શોધવામાં આવ્યા કે જયાંથી સમય આવ્યે નીકળી જઈ શકાય.

હ્યુરોજની સેનાના બ્રિગેડીયર સ્મિથે લડાઈનું રણશિંગું ફુકયું. બંને તરફથી ઘમસાણ યુદ્ધ થયું. મુકાબલો કરવા બંને સેના થાય એટલું જોર કરતી હતી. રાણીનો સામનો કરવામાં અંગ્રેજોને ભારે જોર લગાવવું પડયું. પણ દુર્ભાગ્ય એ હતું કે રાણીનાં ઘોડાનો એક પગ તૂટી ગયો. હવે, લંગડા ઘોડાથી તો યુદ્ધ લડી ના શકાય, આથી એક જોરાવર નવો ઘોડો તૈયાર કરવામાં આવ્યો. ઘોડો નવો હોવાથી રાણીનાં સંકેતો બરાબર સમજી શકતો ન હતો.

રાણીને અશ્વોની ખૂબ સરસ ઓળખ હી, એટલે આ નવા ઘોડાને જોતાં જ રાણી સમજી ગયાં કે એ ગમે ત્યારે અડિયલ બને તેવો છે. પણ હવે શું કરી શકાય ? આ ઘોડાથી જ કામ ચલાવવાનું હતું. દૂર અંગ્રેજોની તોપો આગ ઓકતી હતી. રાણીનાં ઘણા કુશળ સૈનિક શહિદ થઈ ગયા હતા. આમ છતાં રાણી વીરતાથી અંગ્રેજ ફોજનો મુકાબલો કરી રહ્યાં હતાં. ઘમસાણ યુદ્ધ થઈ રહ્યું હતું.

રાણીને પોતાની સેનામાં જયાં નબળાઈ જણાતી, ત્યાં એ તરત પહોંચી જતાં, ને પોતાના સૈનિકોમાં નવા ઉત્સાહનો સંચાર કરતાં. બ્રિગેડિયર સ્મિથે પોતાના પાયદળ અને તોપખાનાથી આક્રમણ કર્યુ. આ આક્રમણ અચાનક કરવામાં આવ્યું હતું, આથી રાણીની સેના ભાગવા લાગી. સ્મિથે પોતાના ઘોડેસવારોને એનો પીછો કરવાની આજ્ઞા આપી. ઘોડેસવાર પીછો કરતાં કરતાં રાણીનાં ઠેકાણા નજીક પહોંચી ગયા.

એ સમયે રાણી થાકી જવાથી થોડો આરામ કરી રહ્યાં હતાં. ગોરા ઘોડેસવારોએ રાણીને ઘેરી લીધાં. પણ રાણીએ પોતાના સરદારો અને સૈનિકો સાથે એમનો સામનો કર્યો અને એમને મોતને ઘાટ ઉતારવાનું શરૂ કર્યુ. રાણી આ ઘેરો તોડીને બહાર તાત્યા ટોપે તથા રાવ સાહેબ સાથે ભળી જવા માંગતા હતાં. બીજી તરફ અંગ્રેજ સૈનિકો એક એક કરીને રાણીનાં સૈનિકોને મોતને ઘાટ ઉતારી રહ્યા હતા. ચારે બાજુ ગોળીઓ વરસતી હતી, તલવારોનો ખનકાર ગુંજતો હતો. આ સમયે રાણી ખૂબ વીરતાથી લડી રહ્યાં હતા. એમના હાથની તલવાર વીજળીની જેમ ચાલતી હતી, અને શત્રુઓને કાપી કાપીને ભોંયભેગા કરતી હતી.

# નિબંધ : મારી પ્રિય રમત ક્રિકેટ



આ દુનિયામાં બધાં માને છે કે જીવનમાં રમતો રમવાથી કાંઈ થતું નથી. ભણવાથી જ જીવનમાં આપણે મજા કરીએ છીએ. રમતો એ તો ગૌણ છે. એવું ન માનસવું જોઈએ. એવું માનવું જોઈએ કે રમત એ ગૌણ નથી. પરંતુ એ પણ આપણાં જીવનનો એક મહત્વનો ભાગ છે. એટલા માટે હું રમતોને ખુબ મહત્વ આપુ છું.

મને ક્રિકેટની રમત ખુબ ગમે છે. આ રમતમાં ૧૧ ખેલાડીઓ હોય છે. એમાં બોલર, બેટ્સમેન તેમજ ઓલરાઉંડર હોય છે અને આ ૧૧ ખેલાડી સહિતનાં બીજા ૪ ખેલાડી બહાર બેસે છે. જેમાં કોઈપણ ખેલાડીને કોઈ ઈજા થાય તો તે ૪ ખેલાડીમાંથી ગમે તે એક ખેલાડી રમવા આવી શકે છે. આ રમતથી એકાગ્રતા વધે છે. અને આપણું ભવિષ્ય પણ બની શકે છે.

આ રમતમાં ઘણી બધી અલગ–અલગ સ્થળની હરિફાઈઓ થાય છે. આ રમતનાં એક ખેલાડી મને ખુબ જ ગમે છે. એ ક્રિકેટનાં ભગવાન નામે ઓળખાય છે. અને જે ખેલાડી રમતનાં ભગવાન તરીકે ઓળખાતા હોય તેમાં કંઈ જોવા જેવું હોય. અરે હું જેટલું કહુંને તેટલું આ ખેલાડી માટે ઓછું છે. અને એ ખેલાડીનું નામ સચીન તેંદુલકર છે. તે ખુબ જ સરસ રમત રમે છે.

આ રમત માત્ર રમવા માટે જ હોય છે. આમાં કાંઈ હારજીતનું ખોટું ન લગાડવું જોઈએ. આમાં કોઈ જીત તો કોઈ હારે છે. હાર્યા વગર અપૂર્ણ છે. જો કોઈ હારે જ નહીં તો, કોઈ જીતી થોડા શકે. એટલા માટે હાર અને જીત એ બંને ખુબ જરૂરી છે.

રમતો રમવાથી બાળકો શારીરિક રીતે સ્વસ્થ રહે છે અને એવી–એવી રમતો છે કે જેમાં મોટા–મોટાનાં પણ પરસેવા છૂટી જાય છે. રમતો રમવાથી જે કૌશલ્યનો વિકાસ થાય છે એવો વિકાસ કયાંય થતો નથી.

આ રમતનો બહિષ્કાર કરતી એક કહેવત પણ છે. “પઢોંગે લીખોગે બનોગે નવાબ, ખેલોંગે કુદોંગે બનોગે ખરાબ”

આ કહેવત રમતનો સીધી રીતે વિરોધ કરે છે. વાલીને એવું ન માનવું જોઈએ કે બાળકો ભણ્યા વગર કાંઈ કરી શકતા નથી. પરંતુ એવું માનવું જોઈએ કે બાળકને જેમાં રસ હોય તે તરફ તેને વળવા દેવો જોઈએ. આગળ જઈને એ બાળક મહાન બની શકે છે.


બસ હું આટલું જ કહેવા માંગુ છું કે બાળકોને કઈ રમત રમવાની ના ન પાડવી જોઈએ. આગળ જઈને બાળક એક સારો ખેલાડી બની શકે છે. બસ અહીં હું મારી વાણીને વિરામ આપું છું.

**– મકવાણા અંકુર એ. ધો. ૮, રૂપાયતન શાળા, અમરેલી.**

# આ મારું ચિત્ર છે



**દાફડા સુહાના કે.**
**(ધો.૭–બ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)**



**રાણવા વંશ જનકભાઈ**
**(ધો.૭–બ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)**



**સોહલીયા જેનીલ**
**(ધો.૬–અ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)**



**અગ્રાવત રિયાબેન**
**(રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)**

# અમરેલીનાં પટેલ વિદ્યાર્થી આશ્રમનાં પ્રમુખ તરીકે દિલીપ સંઘાણી બિનહરીફ










શિક્ષણ ક્ષેત્રની બેનમૂન કાર્ય કરતી સંસ્થા શ્રી પટેલ વિદ્યાર્થી આશ્રમ, અમરેલી સંચાલિત પટેલ કન્યા છાત્રાલય, અમરેલીની કારોબારી સમિતિની બેઠક કારોબારી સભ્યો, આજીવન સભ્યો, આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતીમાં યોજાયેલ. જેમાં આ સંસ્થાના માર્ગદર્શન – સંસ્થા મોભી દિલીપભાઈ સંઘાણીને બિનહરિફ પ્રમુખ તરીકે નિયુકત કરવામાં આવેલ. આ અંગેની દરખાસ્ત અશ્વિનભાઈ સાવલીયાએ રજુ કરેલ જેને ડી. કે. રૈયાણી એ ટેકો આપેલ હતો. આ તકે પટેલ વિદ્યાર્થી આશ્રમ સંચાલિત એમ.વી. પટેલ કન્યા, ટી.પી. અને એમ.ટી. ગાંધી ગર્લ્સ હાઈસ્કુલ તથા અનુદાનિત પ્રાથમિક કન્યાશાળાઓના સંયુકત ઉપક્રમે વેલકમ–ડે નું યોજાયેલ કરવામાં આવેલ. આ અવસરે રાજયના શ્રેષ્ઠ આચાર્યનો એવોડર્સ મેળવતા અરૂણાબેન માલાણીનું સંસ્થાવતી સન્માન કરવામાં આવ્યુ હતુ. આ સાધારણ સભામાં ટ્રસ્ટીઓ – કારોબારી સભ્યો અને આજીવન સદસ્યો ઉપસ્થિતીમાં બેઠકમા રજુ થયેલ વાર્ષિક હિસાબોને સામાન્ય સભાએ સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ તેમ સંસ્થાની અખબારી યાદીમાં જાણવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું સા.કુંડલાના બોઘરયાણી નજીક

ગયું હતું અને સિંહબાળને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું સ્થાનિક સૂત્રોમાંથી જાણવા મળ્યું હતું. આ ઘટનાની જાણ થતાં વન વિભાગના આર.એફ.ઓ. પ્રતાપભાઈ ચાંદુ, ફોરેસ્ટર યાસીન જુણેજા સહિત સ્ટાફ બોઘરયાની નજીક રેલ્વે ટ્રેક પર પહોંચ્યો હતો અને રાત્રિના ૪ કલાક સુધી માલગાડી ટ્રેન રોકાવી હતી. ઈજાગ્રસ્ત સિંહબાળની શોધખોળ હાથ ધરી હતી અને અન્ય સિંહોના ગૃપનું લોકેશન મેળવવા તપાસ હાથ ધરી હતી. બાદ માલગાડી ટ્રેઈન રવાના કરી હતી અને વન વિભાગ દ્વારા રેલ્વે વિભાગને માલગાડી ટ્રેનની સ્પીડ ઘટાડવાનો અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનિય છે રેલ્વે ટ્રેકથી સાવરકુંડલા, રાજુલાના પીપાવાવ પોર્ટ સુધી રેલ્વે ટ્રેક નજીક જ સિંહોનું સામ્રાજય હોય ને સિંહોની સતત અવરજવર રેલ્વે ટ્રેક ક્રોસિંગ વખતે અકસ્માતની ઘટના ઘટાડવાની તાતી જરૂરિયાત છે. પહેલા મીટર ગેજ ટ્રેઈન હતી, બાદ બ્રોડગેજ લાઈન થઈ ને હાલ ઈલેકટ્રોનિક ટ્રેઈન ચાલતી હોય ને માલગાડી ટ્રેઈનની સ્પીડ ૧૫૦ આસપાસની હોવાથી સિંહોના અકસ્માતની ઘટનાઓ ઘટવાને બદલે વધવાની સંભાવનાઓ હોય. ત્યારે રાત્રિના માલગાડીની અવરજવર બંધ થાય અથવા ૪૦ની સ્પીડ રાખવામાં આવે તોજ ગીરની શાન સમા સિંહો બચી શકશે.

## માલગાડી ટ્રેનના એન્જિનમાં સિંહના વાળ જોવા મળ્યા : રેલ્વે વિભાગ

સાવરકુંડલાના બોઘરયાની નજીક ગત મોડી રાત્રીના માલગાડી ટ્રેન હડફેટે એક સિંહબાળને ઠોકર લાગી હોય અને સિંહબાળનો બચાવ થયો હતો અને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું અનુમાન લગાવાયું છે અને રેલ્વે વિભાગના આર.પી.એફ. પોલીસ જવાને ખાનગીમાં જણાવ્યું હતુ કે ગત મોડી રાત્રે માલગાડી ટ્રેન હડફેટે સિંહબાળ આવી ગયું હતું અને માલગાડીના એન્જિન પર સિંહના વાળ જોવા મળ્યા હતા અને આ બાબતે વન વિભાગને જાણ કરી હતી. ત્યારે આ વિસ્તારમાં એક સિંહણ અને બે સિંહબાળનું ગૃપ હોય. ત્યારે આ વિસ્તારમાં એક સિંહણ અને એક જ સિંહબાળ જોવા મળ્યું હતું અને વન વિભાગે ત્રણથી ચાર કલાક આસપાસના વિસ્તારમાં તપાસ હાથ હતી.


## સંકુલ ધો. ૧૧–૧૨ આર્ટસ કોમર્સ સાયંસ પ્રવેશ ચાલુ

★ધો.૧૧–૧૨ આર્ટસ – મનોવિજ્ઞાન–સમાજશાસ્ત્ર–અર્થશાસ્ત્ર–રાજ્યશાસ્ત્ર
★ધો.૧૧–૧૨ આર્ટસ – મનોવિજ્ઞાન–ઈતિહાસ–ભુગોળ–રાજ્યશાસ્ત્ર
★ધો.૧૧–૧૨ કોમર્સ ગુજરાતી મીડીયમ & થ્રુ આઉટ ઈંગ્લીશ મીડીયમ
★ધો.૧૧–૧૨ સાયંસ ગુજરાતી મીડીયમ & થ્રુ આઉટ ઈંગ્લીશ મીડીયમ
★ વાર્ષિક ફીઝ GM આર્ટસ ૭૮૦૦ – કોમર્સ ૮૬૦૦ – સાયંસ ૨૪૪૦૦

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, [illegible] રોડ, અમરેલી ★ ફોન:[illegible] Ad 056


## પાના ૮ ઉપરનું ચાલું લાલ ગેસ સીલીન્ડર બાદ

આજે ૯૫ થી ૧૧૦ વચ્ચે જોવા મળે છે.

શાકભાજી, અનાજ, કઠોળ, ફ્રૂટ, બિસ્કીટ, દૂધ, દવા, શિક્ષણ ફી, વીજ બીલનાં ભાવમાં પણ ૩૦ થી ૬૦ ટકાનો વધારો થયો છે. દરેક ગૃહિણીઓને ભોજન બનાવવામાં અત્યંત જરૂરી ટામેટાનાં ભાવ આજે રૂપિયા ૨૫૦ થી ૩૦૦ વચ્ચે જોવા મળતાં દેશનાં ૮૦ થી ૯૦ વર્ષનાં વૃધ્ધો કહે છે કે આવા ભાવ તો જીંદગીમાં કયારેય જોયા નથી કે આવા ભાવની કલ્પના પણ કરી નથી.

એક સર્વે મુજબ આજે દેશમાં કરોડો પરિવારોની માશિક આવક માત્ર ૧૦ થી ૨૫ હજાર વચ્ચે હોય તેવા પરિવારોને ઘરનાં બે છેડા કરવા મુશ્કેલ બન્યા છે. તો લાખો પરિવારો બચતની રકમ ઉપાડીને તો લાખો પરિવારો લોન લઈને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યાં છે.

બીજી તરફ દેશમાં અમીર વધુ અમીર અને ગરીબ વધુ ગરીબ બની રહ્યા છે તે સ્પષ્ટ જોવ મળી રહ્યું છે અને તે આંક દર્શાવે છે કે દેશનું અર્થતંત્ર કંઈક અવળે માર્ગે ચાલી રહ્યું છે. દેશની જીડીપી દુનિયામાં ત્રીજા નંબરની બનાવવાનો દાવો તો શાસકો કરી રહ્યા છે પરંતુ દેશમાં માથાદીઠ આવકમા વધારો થતો નથી એટલે કરોડો પરિવારોને જીડીપી સાથે કાંઈ લેવા દેવા નથી.

દેશનાં શાસકોએ મોંઘવારી બેકાબુ બની હોય તેને ઘટાડવા માટે યુધ્ધનાં ધોરણે કાર્યવાહી કરવી જરૂરી છે. માત્ર આંકડાઓની માયાજાળ રચવાથી ગરીબો કે મધ્યમવર્ગીય પરિવારોનું પેટ ભરાવાનું નથી. શાસકોને પણ ગરીબીની ખબર છે એટલે જ ૮૦ કરોડ વ્યકિતને મફત અનાજ આપે છે. પરંતુ કયાં સુધી મફત અનાજ આપી શકાશે અને મફત અનાજથી પણ ગરીબોનું પેટ નહી ભરાય. અન્ય જીવનજરૂરી ચીજ વસ્તુઓનાં ભાવ આસમાને છે તે ઘટાડવા જરૂરી છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **દિપકકુમાર હરજીભાઈ સોંદરવા** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ચિતલ રોડ
રે. સર્વે.નં. ૨૯, ૩૦ બીનખેતી સબ પ્લોટ નં. ૫૫/૦૨
જેના ચો.મી. ૫૯–૬૭
રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર : ૪૭૭૫/૨૦૨૨ રજી. તારીખ : ૨૯/૦૯/૨૦૨૨

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ પ્રફુલાબેન ભરતભાઈ વ્યાસ પાસેથી ખરીદ કરેલ છે. જે મિલ્કતની ટાઈટલ ચેઈનમાં પ્લોટ નં. ૫૫ પૂર્વીબેન ભરતભાઈ વ્યાસે મનહરભાઈ જયંતિલાલ દવેનાં કુલમુખત્યાર પ્રફુલાબેન ભરતભાઈ વ્યાસ પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૦૨૨/૨૦૦૮ તા. ૨૩/૦૩/૨૦૦૮નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૨૪/૧૧/૨૦૦૭નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૪/૦૮/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
એડવોકેટ

## પાના ૮ ઉપરનું ચાલું ઉના નજીક મોટી માત્રામાં વિદેશી દારૂ

ત્યાંથી રાત્રિનો લાભ લઈ અંધારામાં ભાગવામાં સફળ રહ્યા હતા. હાલ આ મામલે ઉના પોલીસે ફરાર બુટલેગર રસિક બાંભણિયા, નિમિત ઉર્ફે એન.ટી., રાકેશ ગોહિલ સહિત અજાણ્યા વ્યકિતઓ સામે પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી બુટલેગરોને પકડવા તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં કોંગીજનોએ રાહુલ ગાંધીની

રાહુલ ગાંધીને સુરત કોર્ટ, હાઈકોર્ટ ધ્વારા કસુરવાન ઠેરવ્યાના હુકમ સામે રાહુલ ગાંધી સુપ્રિમ કોર્ટ ગયા હતા. આજે સુપ્રિમ કોર્ટ ધ્વારા રાહુલ ગાંધીને સજા સામે સ્ટે. મળ્યો, ન્યાય મળ્યો, સત્યનો વિજય થયો, રાહુલ ગાંધીને ન્યાય મળ્યાની ખૂશીમાં આજે સાંજે ડો. જીવરાજ મહેતા ચોક અમરેલી ખાતે જિલ્લા કોંગ્રેસ ધ્વારા ફટાકડા ફોડી આતસબાજીનો કાર્યક્રમ યોજાયેલ હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણીની સુચનાથી અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનષિ ભંડેરી તથા અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપ પંડયાની આગેવાનીમાં જિલ્લા/તાલુકા/શહેર કોંગ્રેસનાં હોદેદારો, આગેવાનો, સર્વ આગેવાનો, કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

## અવસાન નોંધ

**બાબરા :** બ્રહ્મક્ષત્રિય ચંદ્રકાંતભાઈ હરિદાસભાઈ છાંટબારના પૌત્ર પાર્થભાઈ પિયુષભાઈ છાંટબાર(ઉ.વ ૨૯) તેઓ ધર્મેન્દ્રભાઈનાં ભત્રીજા, ભુષણભાઈનાં મોટાભાઈનું તા. ૩/૮/૨૦૨૩ નાં રોજ અવસાન થયું છે. તેમનું બેસણુ તા.૫/૮/૨૦૨૩ સાંજના ૪ થી ૬ બ્રહ્મક્ષત્રિય સમાજની વાડી નદી કાંઠા પાસે બાબરા ખાતે રાખેલ છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મહેશકુમાર હરજીભાઈ સોંદરવા** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ચિતલ રોડ
રે. સર્વે.નં. ૨૯, ૩૦ બીનખેતી સબ પ્લોટ નં. ૫૫/૦૧
જેના ચો.મી. ૫૯–૫૮
રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર : ૪૭૭૬/૨૦૨૨ રજી. તારીખ : ૨૯/૦૯/૨૦૨૨

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ પ્રફુલાબેન ભરતભાઈ વ્યાસ પાસેથી ખરીદ કરેલ છે. જે મિલ્કતની ટાઈટલ ચેઈનમાં પ્લોટ નં. ૫૫ પૂર્વીબેન ભરતભાઈ વ્યાસે મનહરભાઈ જયંતિલાલ દવેનાં કુલમુખત્યાર પ્રફુલાબેન ભરતભાઈ વ્યાસ પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૦૨૨/૨૦૦૮ તા. ૨૩/૦૩/૨૦૦૮નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૨૪/૧૧/૨૦૦૭નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૪/૦૮/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
એડવોકેટ

## પાના ૧ ઉપરનું ચાલું રાહુલ ગાંધીની મોદી સરનેમ કેસની

સરનેમ માનહાનિ કેસમાં ફરિયાદી પૂર્ણેશ મોદીએ સુપ્રીમ કોર્ટમાં ૩૧ જુલાઈએ જવાબ દાખલ કર્યો હતો. જેમાં તેમણે રાહુલ ગાંધીની અરજી ફગાવવાની માંગ કરી હતી. જણાવી દઈએ કે, રાહુલ ગાંધીએ પોતાની સજા પર રોક લગાવવાની માંગ કરી હતી, જેના પર આજે સુનાવણી થઈ છે. પૂર્ણેશ મોદીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીને રાહત આપવાનો કોઈ આધાર નથી. તેમનું આચરણ અભિમાન ભર્યું છે. વગર કારણે એક આખા વર્ગને અપમાનિત કર્યા બાદ તેમણે માફી માંગવાની ના પાડી.

બે દિવસ અગાઉ જ રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં જવાબ દાખલ કર્યો હતો. જેમાં રાહુલ ગાંધીએ માફી માંગવાનો ઈક્રાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટમાં સોગંદનામામાં દાખલ કરીને કહ્યું હતું કે, માફી માંગવાનો સવાલ ઉઠતો નથી. પ્રથમ દ્રષ્ટિએ આ માનહાનિનો કેસ જ નથી બનતો. માફી માંગવાનું કોઈ કૃત્ય જ નથી. અપીલ સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ છે. તેમાં સફળતાની સંભાવના છે. એટલા માટે સજા પર સુપ્રીમ કોર્ટ રોક લગાવી દે. પૂર્ણેશ મોદીએ સીધું તેમનું ભાષણ નહોતું સાંભળ્યું. મારા કેસને અપવાદ ગણીને રાહત આપવામાં આવે. માનહાનિ કેસમાં વધુ સજાને લઈને સંસદનું સભ્યપદ ગુમાવ્યું છે. પૂર્ણેશ મોદી ખુદ મૂળ રીતે મોદી સમાજના નથી. તેમણે આ પહેલા કોઈ કેસમાં સજા મળી નથી. માફી ન માંગવાને લઈને અભિમાની ગણવો ખોટું છે.

માનહાનિ મામલે રાહુલ ગાંધીએ આ વર્ષે માર્ચમાં સુરતની એક કોર્ટે બે વર્ષની કેદની સજા સંભળાવી હતી અને ગુજરાત હાઈકોર્ટે ૭ જુલાઈએ તેમની સજા પર રોક લગાવવાનો ઈકાર કરી દીધો હતો. ત્યારબાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સુપ્રીમ કોર્ટ પહોંચ્યા, જ્યાં ૨૧ જુલાઈએ ગુજરાત સરકાર સહિત સંબંધિત પક્ષોને નોટિસ મોકલીને જવાબ દાખલ કરવા કહ્યું હતું.

રાહુલ ગાંધીએ ૧૩ એપ્રિલે ૨૦૧૯એ કર્ણાટકના કોલારમાં એક ચૂંટણી સભાને સંબોધિત કરતા કહ્યું હતું કે, તમામ ચોરના ઉપમાન મોદી કેમ હોય છે? જેને લઈને પૂર્ણેશ મોદીએ ૨૦૧૯માં તેમના વિરૂદ્ધ ગુનાહિત માનહાનિનો કેસ દાખલ કરાયો હતો.

કોંગી નેતાને આજે સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળતાં નવી દિલ્હી ખાતે કોંગી કાર્યકરોએ આતશબાજી કરી તેમના નેતા ઉપર ફૂલવર્ષા કરી હતી અને કોંગી કાર્યકરોમાં ઉત્સાહનાં ઘોડાપુર જોવા મળ્યા હતા. બાદમાં કોંગી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદ યોજાઈ હતી.

## જાહેર નોટિસ

**બાબરાના મહેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, મુ. બાબરા.**

ફો.પ.અ.નં.–૧૬૭/૨૦૨૩
મુદત તા. ૨૨/૦૯/૨૦૨૩

અરજદાર : દિલીપભાઈ બાબુભાઈ બગથળીયા
ઉ.વ.૬૦, ધર્મે–હિન્દુ, ધંધો–મજુરી.
રહે–બાબરા, તા. બાબરા, જી–અમરેલી.

::– વિરૂધ્ધ –::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
નગરપાલીકા–બાબરા, તા. બાબરા, જી. અમરેલી.

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :– પી.એ. ખાચર**

::– **જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા સર્વેને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર દિલીપભાઈ બાબુભાઈ બગથળીયા, રહે. બાબરા, તા. બાબરા, જી–અમરેલી વાળાએ તેમના પિતા બાબુભાઈ માધવજીભાઈ બગથળીયાનું અવસાન **તા. ૧૮/૦૨/૨૦૦૦** નાં રોજ **બાબરા** ગામે, તા. બાબરા મુકામે થયેલ હોય શરતચૂકથી કાયદાકીય અજ્ઞાનતાના કારણે **બાબરા** મુકામે મરણ નોંધ કરાવેલ ન હોય જેથી સદર મરણ નોંધણી કરાવવાનો હુકમ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ હોય જે **અરજીની મુદત તારીખ– ૨૨/૦૯/૨૦૨૩** રાખેલ હોય તો જે કોઈ ઈસમોને વાંધો તકરાર હોય તેમણે મુદત તારીખનાં રોજ સવારનાં ૧૦/૩૦ કલાકે અત્રેની બાબરા કોર્ટમાં જાતે યા માહિતગાર વકીલ મારફતે હાજર રહેવું અન્યથા આગળનો યોગ્ય ન્યાયીક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ – ૦૪/૦૮/૨૦૨૩ નાં રોજ સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

| **તૈયાર કરનાર** | | **મુકાબલ કરનાર** | **હુકમથી** |
|---|---|---|---|
| (એ.કે. મકવાણા) | સિકકો | (એન.એસ. સાવ) | (કે.ડી. સોમાણી) |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | ઈ.ચા.રજીસ્ટ્રાર |
| જયુડી.મેજી.ફ.ક. કોર્ટ, | | જયુડી.મેજી.ફ.ક. કોર્ટ, | જયુડી.મેજી.ફ.ક. કોર્ટ, |
| બાબરા. | | બાબરા. | બાબરા. |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૦૦ | ૧૬૧૫ |
| ૨ | શિંગ મોટી | ૧૪૦૦ | ૧૮૨૪ |
| ૩ | શિંગદાણા | ૧૩૯૦ | ૨૩૬૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૭૦૦ | ૧૯૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૪૫૫ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૩૮૯ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૦૦ | ૩૩૮૧ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| ૯ | જુવાર | ૮૮૮ | ૮૮૮ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૨ | ૫૭૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૩ | ૫૨૬ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૦૨૯ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૧૪ | કપાસ | ૧૦૪૬ | ૧૫૧૪ |
| ૧૫ | એરંડા | ૧૧૮૦ | ૧૨૨૩ |
| ૧૬ | જીરૂ | ૯૫૦૦ | ૧૧૦૦૦ |
| ૧૭ | ધાણા | ૧૦૭૫ | ૧૫૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૩૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૦૧ |
| ૩ | શીંગ દાણા | ૧૭૦૦ | ૧૮૦૧ |
| ૪ | તલ સફેદ | ૩૨૦૦ | ૩૪૭૬ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૩૨૬ |
| ૬ | જીરૂ | ૧૦૩૧૧ | ૧૦૪૫૧ |
| ૭ | કપાસ | ૧૦૦૦ | ૧૪૮૬ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૫૦ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૪૩૮ |
| ૧૧ | જુવાર | ૬૧૧ | ૮૮૫ |
| ૧૨ | મગ | ૧૧૦૦ | – |
| ૧૩ | ચણા | ૮૮૦ | ૯૯૦ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | ૧૭૫૪ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૨૨૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૫ | ૧૪૭૦ |
| ૨ | ચણા | ૮૫૫ | ૯૬૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૫૪ | ૪૫૪ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૩ |
| ૫ | સોયા | ૯૩૪ | ૯૩૭ |
| ૬ | ચણા સફેદ | ૧૩૪૦ | ૧૪૩૦ |
| ૭ | ધાણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૮ | તલ સફેદ | ૩૩૦૦ | ૩૩૫૩ |
| ૯ | મગ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૦ | મેથી | ૯૨૫ | ૧૦૩૦ |
| ૧૧ | તુવેર | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૧૨ | મગફળી | ૧૨૬૦ | ૧૩૦૦ |
| ૧૩ | લસણ | ૧૦૭૦ | ૧૦૭૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૯ | ૧૫૨૧ |
| ૨ | ઘઉં | ૪૨૮ | ૪૯૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ૨ | તલ સફેદ | ૩૨૧૨ | ૩૩૦૦ |
| ૩ | કપાસ | ૧૪૬૦ | ૧૪૬૧ |
| ૪ | બાજરો | ૪૧૭ | ૪૪૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૪૬૯ |
| ૬ | જુવાર | ૬૫૦ | ૯૦૦ |
| ૭ | ચણા | ૮૪૧ | ૯૭૦ |
| ૮ | સોયાબીન | ૯૧૦ | ૯૧૦ |

# દેશનાં મુખ્ય ન્યાયાધીશ ઉચ્ચ આદર્શોને પોતાની જીંદગીમાં ઉતારનાર છે

(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૪

દેશની સર્વોચ્ચ અદાલતનાં સર્વોચ્ચ પદ ઉપર બિરાજમાન પણ એક બાપ તરીકે તો સામાન્ય વ્યકિત જ હોય છે, જે આજે જોવા મળ્યું.

પોતાની બે દીકરીઓ એકનું નામ માહી અને બીજી પ્રિયંકા, આ બન્ને બહેનો ઘણાં સમયથી પોતાની મમ્મીને કહેતી કે તેમના પિતા જયાં કામ કરે છે, તે સુપ્રિમ કોર્ટ જોવા જવું છે. દીકરીઓની ઈચ્છા પૂરી કરવા માટે તેમના પિતા આજે બન્ને દીકરીઓને તેમને તેમનાં કામનાં સ્થળે સર્વોચ્ચ અદાલત (સુપ્રિમ કોર્ટ) લઈ ગયાં.



બંને પુત્રીઓ સર્વોચ્ચ અદાલતની મુલાકાતથી ખૂબ જ ખુશ થઈ કારણ કે તેમનાં પિતા અન્ય કોઈ નહી પણ સુપ્રીમ કોર્ટનાં ચીફ જસ્ટિસ માનનીય ડી. વાય. ચંદ્રચૂડ છે અને માતાનું નામ શ્રીમતી કલ્પના ચંદ્રચૂડ. બન્ને દિકરીઓ ચાલી શકતી નથી.

બન્ને દિવ્યાંગ છે એટલે વ્હીલ ચેરમાં બેસાડીને સંકુલ દેખાડયું. આ સાથેની તસ્વીર સુપ્રીમ કોર્ટ સંકુલમાં જ લેવામાં આવી છે. આ ઉપરાંત આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી વધુ અગત્યની બાબત એ છે કે આ બંને દિકરીઓ ચંદ્રચુડ દંપતીની સગી દીકરીઓ નથી. પરંતુ દત્તક લીધેલ પુત્રીઓ છે. છે ને માનવતાની સર્વોચ્ચ મિસાલ.

### મેમન જમાત ફાઉન્ડેશન દ્વારા

# ઉના : ગીરગઢડામાં એભલવડનાં પરિવારને રૂપિયા ૨૫ હજારની સહાય

## ૧૫ દિવસ પહેલા મકાન ધરાશાયી થયું હતું

ઉના, તા. ૪

ગીર સોમનાથ જિલ્લાનાં ગીરગઢડા તાલુકાનાં એભલવડ ગામે પીપળા શેરીમાં રહેતા કાળુભાઈ હમીરભાઈ શિયાળનું કાચું મકાન ૧૫ દિવસ પૂર્વે ભારે વરસાદનાં કારણે ધરાશાયી થયું હતું.

સવારનાં સમયે વરસાદ વરસતો હોય ત્યારે બંને વૃદ્ધ દંપતિઓ ઘરમાં હોય ત્યારે વરસાદનાં કારણે સવારનાં સમયે કાચું મકાન ધરાશાયી થયું હતું. જેમાં બંને દંપતિઓ દબાઈ જતાં તાત્કાલિક ઉના ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જે વાતની જાણ ગીરગઢડામાં રહેતા જાવીદભાઈ બીજલીયાને થતાં તાત્કાલિક ઓલ ઈન્ડિયા મેમન જમાત



ફેડરેશનનાં ઈકબાલભાઈ ઓફીસરને વાત કરતા ઈકબાલભાઈ દ્વારા તાત્કાલિક ૨૫૦૦૦ હજાર રૂપિયાનો ચેક આપવા જણાવ્યું હતું. જે ચેક ગઈકાલ તા.૪/૮/૨૦૨૩ નાં રોજ જાવીદભાઈ બીજલીયા, ભરતભાઈ સિંગડ, વસીમભાઈ જાખરા, રામભાઈ વેગડ, શિવાભાઈ શિયાળ સહીતનાઓની હાજરીમાં કાળુભાઈ હમીરભાઈ શિયાળને ચેક અર્પણ કર્યો હતો. આ તકે કાળુભાઈ શિયાળે ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશન તથા ઈકબાલભાઈનો આભાર વ્યકત કર્યો હતો.

# અમરાપુર કલસ્ટર કક્ષાએ કલામહોત્સવમાં વ્રજ વિદ્યાલયનાં વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

કુંકાવાવ, તા. ૪

અમરાપુર બી.જે. દોશી હાઈસ્કૂલ ખાતે કલસ્ટર કક્ષાનો ૨૦૨૩ નાં વર્ષનો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનો કલા મહોત્સવ યોજાઈ ગયો. વ્રજ વિદ્યાલયનાં હિતાશું મોવલિયા, અંશ સોરઠીયા, રૂહી અને યાત્રી વસાણી, બોઘરા દર્શીલ વિગેરે બાળકોએ ચિત્ર, કાવ્ય, સંગીત જેવા વિવિધ વિભાગોમાં આચાર્ય દીક્ષિતભાઈનાં માર્ગદર્શન હેઠળ હરખભેર ભાગ લીધો હતો.

જેમાં ગાયન વિભાગમાં અંશ સોરઠીયા દ્વિતીય ક્રમે વિજેતા થયા હતા. કન્વીનર અને આચાર્ય જી.એચ. સાધુએ રોકડ પુરસ્કાર આપી બિરદાવ્યા હતા.





સંસ્થાનાં મોભી વસંતભાઈ મોવલિયા તથા પ્રતિનિધિ ઉદયભાઈ દેસાઈએ ભાગ લેનાર તમામ બાળકોને અભિનંદન પાઠવ્યાં હતા. બાળકોને સામેલ કરવા માટે શાળાનાં શિક્ષક કેતનભાઈ આસોદરીયાએ સંયોજક તરીકે ફરજ બજાવી હતી. સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં સહયોગ આપ્યો હતો.

### સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય બોર્ડ દ્વારા

# લીલીયા ખાતે ડો. બાબા સાહેબની પ્રતિમાને ફૂલહાર કરાયા

લીલીયા, તા. ૪

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડ પ્રદેશ કો-ઓર્ડીનેટર કૌશલભાઈ દવે અમરેલી અને ગીર સોમનાથનાં પ્રભારી નેહલભાઈ રામાણી અને અમરેલી જિલ્લાનાં સંયોજક ધાર્મિકભાઈ રામાણીની સુચનાથી લીલીયામોટા ખાતે ડોકટર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાની સાફ–સફાઈ અને ફૂલહાર કરવામાં આવ્યાં. આ પ્રસંગે ૯૭ સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠીનાં



ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા પંચાયતના સદસ્ય ભીખાભાઈ ધોરાજીયા, ભરતભાઈ સુતરીયા, આનંદ ધાનાણી, પરેશ પહાડા, વિપુલ પહાડા, બાલાભાઈ ભરવાડ, ભીખાભાઈ ધારૈયા, હિતેશ પરમાર, અરવિંદભાઈ માલવિયા, મુકેશભાઈ ડોંડા, પત્રકાર એકતા પ્રમુખ ઈમરાન પઠાણ સહિતના ભાજપ પરિવાર લીલીયા મોટા અને યુવક બોર્ડના બંને તાલુકા સંયોજક કેતન નિમાવત અને હિતેશ આંબલીયા હાજર રહ્યાં હતા. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

# અધિક માસની અમૃતધારા



## મળમાસની પ્રભુપ્રાર્થના : મુગ્ધાની કથા

કરીશ. જેને મહાદુઃખ હોય તે પણ મારી પાસે આવીને શોક કરતો નથી. આ વૈકુંઠ, શોક તથા વૃદ્ધાવસ્થાથી રહિત આનંદયુકત તથા મૃત્યુરહિત છે. છતાં આવા વૈકુંઠધામમાં આવી તું દુઃખી કેમ થાય છે ? હે વત્સ ! તું મરવા કેમ ઈચ્છે છે ? તે હમણાં જ મને કહે.'

અધિક માસ બોલ્યો : 'હે ભગવાન ! આપનાથી કાંઈ જ અજાણ્યું નથી, કેમ કે આકાશની પેઠે આખા વિશ્વમાં આપ વ્યાપી રહયા છો. સર્વવ્યાપી છતાં નિર્વિકાર અને સર્વ છો. આપ મુજ અભાગીનું દુઃખ નથી જાણતા ? આપ બધું જાણો જ છો, છતાં ? મારું દુઃખ તમને કહું છું. આવું દુઃખ આપે સાંભળ્યુ નહિં હોય અને જોયું પણ નહિં હોય. ક્ષણ, લવ, મુહૂર્તો, પખવાડિયાં, મહિના, દિવસો તથા રાત્રિઓ બધા પોતપોતાના સ્વામીઓના અધિકારને લીધે સદા નિર્ભય તથા આનંદિત રહે છે. મારું તો કોઈ નામ નથી, મારો કોઈ સ્વામી નથી અને મારો કોઈ આશ્રય નથી એ કારણે દેવતાઓ સહિત સર્વ લોકોએ મને મારા કામમાંથી દુર કર્યો છે. મળ માસ કોઈ સત્કર્મોમાં મારો નિષેધ કરાયો છે. આમ, દરેક મારું અપમાન કરે છે તેથી હંમેશા જેમ ખાડામાં પડયો રહેતો આંધળો માણસ મરવા ઈચ્છે છે તેમ હું પણ મરવા ઈચ્છું છું, મને જીવવાનો ઉત્સાહ રહયો નથી. પોતાના જ બંધુ–બાંધવાનો તિરસ્કાર સહન કરી દીન–હીન હાલતમાં જીવવું તેના કરતાં મરી જવું વધારે સારું છે. બસ, હે મહારાજ ! આથી વધારે કાંઈપણ મારે કહેવાનું બાકી રહેતું નથી.'

'આપ પારકું દુઃખ સહન કરતા નથી અને પારકા ઉપર ઉપકાર કરવો એ આપને પ્રિય છે. એવા આપ મનાયા છો. વળી, વેદોમાં તથા પુરાણોમાં આપ 'પુરૂષોત્તમ' તરીકે **(ક્રમશઃ)**



સંપાદક : મહેન્દ્ર જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

### હિન્દુ ધર્મ સેના દ્વારા

# સા.કુંડલા ખાતે આજે અભિવાદન સમારોહ યોજાશે

## સાંસદ અને ધારાસભ્યનું અભિવાદન કરાશે

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા શહેરનાં વિકાસમાં મહત્વનું યોગદાન આપનાર સાંસદ નારણભાઈ કાછડીયા અને ઉત્સાહી બાહોશ અને ભાજપાનાં પ્રદેશ પ્રવકતા તેમજ સાવરકુંડલા લીલીયાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ખૂબ જ ટૂંકા સમયમાં પોતાની આગવી સૂઝબુજથી સાવરકુંડલા શહેરનાં અનેક એવાં પ્રશ્નો જે ટૂંકા ગાળામાં હલ કરી શહેરનાં દરેક નાગરિકને સાથે રાખી દરેક નાગરિકનાં હિતમાં તટસ્થ રીતે વિકાસ કરવામાં ખૂબ જ મહત્વનું યોગદાન આપ્યું છે.

ત્યારે આ બંને મહાનુભાવોનું સંતોની વિશેષ ઉપસ્થિતિમાં અભિવાદન કાર્યક્રમનું આયોજન સાવરકુંડલા દશા શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ ખાતે તારીખ ૫/૮/૨૩ ને શનિવારનાં રોજ બપોરે ૩.૩૦ કલાકે યોજાનાર છે. જેની હિન્દુ ધર્મ સેના સાવરકુંડલા દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ રહી છે.

## અમરેલી નાગરિક સહકારી બેંક લી.

રજી. ઓફિસ અને હેડ ઓફિસ : નાગરિક ભવન, કેરીયા રોડ, અમરેલી.–૩૬૫૬૦૧, ફોન : ૦૨૭૯૨–૨૨૨૦૦૦

### કબજા નોટિસ
(સ્થાવર મીલ્કત માટે)

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી અમરેલી નાગરિક સહકારી બેન્ક લી.એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **અલી એન્ટરપ્રાઈઝના પ્રો. કરીમભાઈ બાબુભાઈ લાખાણી અને બાબુભાઈ ઈસ્માઈલભાઈ લાખાણી એન્ડ કું.ના પ્રો. બાબુભાઈ ઈસ્માઈલભાઈ લાખાણી (જામીનદાર અને મોર્ગેજર) અને સહારા કન્સ્ટ્રકશનના પ્રો. રફીકભાઈ સીદીકભાઈ નગરીયા (જામીનદાર) અને સલીમભાઈ બાબુભાઈ લાખાણી (મોર્ગેજર)** ને તા. ૧૧/૦૮/૨૦૨૧ ના રોજ રજી.એડી. પોસ્ટ દ્વારા આપેલ નોટિસમાં બેન્કની બાકી લેણી પડતી રકમ **રૂા.૨૪,૩૮,૮૭૧=૦૦ (અંકે રૂપિયા ચોવીસ લાખ આડત્રીસ હજાર આઠસો એકોતેર પુરા)** + તા.૦૧/૦૮/૨૦૨૧ થી ચડત બાકી વ્યાજ નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરી આપવા જણાવેલ.

ઉપરોકત કરજદાર નોટિસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા. ૨૨/૦૨/૨૦૨૩** ના રોજ કરેલ હુકમ અન્વયે માનનીય કોર્ટ કમિશ્નરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા. ૧૮/૦૭/૨૦૨૩** ના રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહીં, તેમ છતાં જો કરવામાં આવશે તો તે અમરેલી નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા. ૩૧/૦૭/૨૦૨૩** ના રોજની બાકી લેણી રકમ **રૂા. ૨૩,૫૦,૯૦૬=૦૦ (અંકે રૂપિયા ત્રેવીસ લાખ પચાસ હજાર નવસો છ પૂરા)** + તા.૦૧/૦૮/૨૦૨૩ થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

**કબ્જે લીધેલ મિલ્કતની વિગત**

(૧) અમરેલી ગામે સુધરાઈ હદમાં તારવાડી સામે આવેલ રે.સ.નં. ૪ પૈકીના સીટી સર્વે નં.–૨૮૩૧ પૈકીથી નોંધાયેલ રહેણાક મકાન જેનું ક્ષેત્રફળ ૬૧.૧૦ ચો.મી. છે. (બાબુભાઈ ઈસ્માઈલભાઈ લાખાણી વે.દ.નં.–૮૭૩/૨૦૦૨)
**ચતુર્દીશા :– (દસ્તાવેજ મુજબ)**
**ઉત્તરે :– ગાંધી ઓઈલ મીલવાળી મિલકત આવેલ છે.**
**દક્ષિણે :– સાદીકભાઈ બાબુભાઈને વેચાણ આપેલ મિલકતનું ફળી આવેલ છે.**
**પૂર્વે :– આજરોજ સલીમભાઈ બાબુભાઈને વેચાણ આપેલ મિલકત સાથે મજમુ દીવાલ છે.**
**પશ્ચિમે :– અન્ય આસામીની મિલકત આવેલ છે.**
(૨) અમરેલી ગામે સુધરાઈ હદમાં તારવાડી સામે આવેલ રે.સ.નં. ૪ પૈકીના સીટી સર્વે નં.–૨૮૩૧ પૈકીથી નોંધાયેલ રહેણાક મકાન જેનું ક્ષેત્રફળ ૬૧.૧૦ ચો.મી. છે. (સલીમભાઈ બાબુભાઈ લાખાણી વે.દ.નં.–૮૭૬/૨૦૦૨)
**ઉત્તરે :– ગાંધી ઓઈલ મીલવાળી મિલકત આવેલ છે.**
**દક્ષિણે :– સાદીકભાઈ બાબુભાઈને વેચાણ આપેલ મિલકતનું ફળી આવેલ છે.**
**પૂર્વે :– આજરોજ બાબુભાઈ ઈસ્માઈલભાઈને વેચાણ આપેલ ખુલ્લી જમીન છે.**
**પશ્ચિમે :– આજરોજ બાબુભાઈ ઈસ્માઈલભાઈને વેચાણ આપેલ મિલકત સાથે મજમુ દીવાલ છે.**

તા :– ૦૪/૦૮/૨૦૨૩
અમરેલી

સિક્કો

અધિકૃત અધિકારી
અમરેલી નાગરિક સહકારી બેંક લી.,

### નાયબ દંડક કૌશિક વેકરિયા, ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં

# બગસરાનાં હામાપુર ખાતે નવા બનેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

## જિલ્લા પંચાયતનાં પ્રમુખ રેખાબેન મોવલિયા પણ ઉપસ્થિત રહ્યાં

બગસરા, તા.૪, બગસરા તાલુકા ના હામાપુર ગામે નવા મંજુર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનુ શુભ ઉદઘાટન નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવેલ, કાર્યક્રમ મા ધારાસભ્ય જે. વી. કાકડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ વસંત બેન મોવલિયા,આરોગ્ય સમિતિના ચેરમેન કંચનબેન ડેર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.જોશી, જિલ્લા એપિડેમિક ઓફિસર ડો.સિંગ, જિલ્લા પંચાયત સદસ્ય ઈલાબેન માયાણી હામાપુર,જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ ધીરૂભાઈ માયાણી, તાલુકા હેલ્થ ઓફિસર ડો.ડી.બી.બલદાણીયા, મેડિકલ ઓફિસર હામાપુર ડો દેવમુરારી, તાલુકા વહીવટી તંત્ર માથી ભીંડીભાઈ, ટીડીઓ, સીડીપીઓ, તાલુકા સૂપ સોરઠીયાભાઈ, પિયુષભાઈ મુગલા, જીગનેશ ભાઈ રાજયગુરૂ,મધુભાઈ લોઘણવદરા. નાયબ મામલતદાર ભીંડી ભાઈ એવી





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

રીબડીયા ડો.સાવલિયા, ડો કામલીયા રમેશભાઈ સતાસીયા અનિભાઈ કોરાટ અશોકભાઈ,ગીતાબેન, આશા બેનો, હામાપુર પ્રા.આ. કેન્દ્રમા સમાવિષ્ટ ગામોના આરોગ્ય કર્મચારી સહીત ફાર્માસિસ્ટ , લેબ ટેક તથા બહોળી સંખ્યા મા ગ્રામજનો હાજર રહેલ.

# બાબરા : આસ્થા ફાઉન્ડેશનનાં પ્રમુખનાં જન્મદિન નિમિતે નવી પહેલ

બાબરા, તા. ૪

જયારે લોકો જન્મદિની ઉજવણીમાં અવનવા ચિત્રો ચીત્રે અથવા અત્યારની પેઢી વધારે હોટેલ, પબ, કલબ અથવા કેક કાપી સેલીબ્રેટ કરે છે.

જયારે આવું બધું ટાળી બાબરાનાં સનાતન ધર્મપ્રેમીનાં વરીષ્ઠ નેતૃત્વ ધરાવનાર અને હંમેશા સનાતન ધર્મ સમાજ માટે સૌનું ભલુ અને સારું ઈચ્છનાર બાબરાનાં આ નવ યુવાને એક સુંદર ઉદાહરણ પુરું પાડયું. આસ્થા ફાઉન્ડેશનનાં પ્રમુખ અક્ષયભાઈ ગોહેલ જેમણે નિઃસ્વાર્થ સેવા આપી અને સૌનું ભલુ કર્યુ તેમજ કંઈક વધુ હીત કરવાની ઈચ્છા હતી. તેમણે પોતાનું ટ્રસ્ટ આસ્થા ફાઉન્ડેશનની સ્થાપના કરી અને આટલું જ નહી બીજા કોઈપણ પશ્ચિમી સંસ્કૃતિ તરફ વલણ ના વળે એટલે ભારતની સનાતન સંસ્કૃતિ જળવાય રહે એ માટે જન્મદિવસમાં કેક, ડીસ્કો બધું જ મુકી નિરાધાર બાળકો અને વૃધ્ધો જેમને પરિવારની જરૂર છે એવા લોકો સાથે પોતાના જન્મદિન ઉજવી આ નવી પેઢ ીને કઈ રીતે જીવવું તે ઉદાહરણ પુરું પાડયું અને હંમેશા દીન દુઃખીયાની સેવા કઈ રીતે કરવી તે શીખવી જણાવ્યું





એમના સ્ટાફ અને મિત્રોને પણ આજ રીતે સેવા આપવાનું શપથ લેવરાવી અને આજ રીતે જન્મદિવસ પશ્ચિમી રીતથી નહીં પણ આપણી ભારતીય સંસ્કૃતિને જાળવવાનું માર્ગદર્શન આપ્યું.

# સુરત : ગજેરા વિદ્યાભવન કતારગામની વિદ્યાર્થીઓનું NCC કેમ્પમાં પ્રસ્થાન

અમરેલી, તા.૪

ગજેરા વિદ્યાભવન કતારગામની વિદ્યાર્થીનીઓ ૬ ગર્લ્સ બટાલીયને આજ રોજ રાજપીપળા NCC ની ટ્રેનિંગ માટે પ્રસ્થાન કર્યુ છે.

જેમાં NCC ની બીજા વર્ષની ૨૩ વિદ્યાર્થીનીઓ આ ૧૦ દિવસનાં કેમ્પમાં વિવિધ ટ્રેનિંગ મેળવશે અને ૧૦ દિવસ સુધી પોતાનાં ઘરથી દુર રહીને તમામ પ્રકારનાં કામો જાતે કરશે અને તમામ પરિસ્થિતિઓનો સામનો કરવાની તાલીમ મેળવશે સાથે સાથે NCC માં આવતી વિવિધ તાલીમ અને સ્પર્ધાઓ કરશે જેમાં બેસ્ટ દેખાવ કરે તેવી શુભેચ્છાઓ.

શાળાનાં NCC શિક્ષિકા યામિનીબેન પટેલનાં નેતૃત્વ હેઠળ તા.૦૪/૦૮/૨૦૨૩ થી તા.૧૩/૦૮/૨૦૨૩ સુધી તાલીમ લઈને શાળામાં વિવિધ કાર્યક્રમોમાં પણ શિસ્તથી માંડીને કાર્યક્રમનાં સંચાલન અંગેની તાલીમ પણ મેળવશે. જેથી બાળકોને તેનો લાભ મળી શકશે. આમ, આ કેમ્પમાં જવા બદલ શાળાનાં





આચાર્ય તથા ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ** ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા "આયુષ્યમાન કાર્ડ" અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે


ડૉ. પ્રદિપ ધડુક
M.S.જનરલ સર્જન

અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે


ડૉ. કાજલ બગડા
M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)

- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.

: નોંધ : બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે


## દેશનાં ૮૦ થી ૯૦ વર્ષનાં નાગરિકોએ કયારેય આટલો ઊંચો ભાવ જોયો નથી

# લાલ ગેસ સીલીન્ડર બાદ લાલ ટામેટાએ હાહાકાર મચાવ્યો

- દેશમાં છેલ્લા એક દાયકામાં લગભગ તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં ૩૦થી લઈને ૧૫૦ ટકાનો વધારો થયો
- દેશનાં કરોડો પરિવારોની આવક સ્થિર અથવા તો સામાન્ય વધારો થયો હોય પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ
- દેશમાં અમીર વધુ અમીર અને ગરીબ વધુ ગરીબ આશ્ચર્યજનક રીતે વધતા હોય અર્થતંત્રને લઈને કોઈને સમજ પડતી નથી
- વર્તમાન સમયમાં મોંઘવારી તેમજ બેરોજગારી અને ભ્રષ્ટાચાર પણ સોળેકળાએ ખીલી ઉઠતા આમ આદમી પરેશાન




પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૪

સમગ્ર વિશ્વમાં સૌથી મોટી જનસંખ્યા ધરાવતા ભારત દેશમાં ગરીબો અને મધ્યમવર્ગીય પરિવારોની સંખ્યા ૮૦ ટકા કરતાં વધારે છે. એટલે તેમને જીવન જરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં સામાન્ય વધારો પણ પોસાતો ન હોય તેવા સમયે દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં ૩૦ થી લઈને ૧૫૦ ટકાનો અસહ્ય વધારો થતાં કરોડો પરિવારો આજે સરકારની મફત અનાજ યોજનાને નિર્ભર બની ગયા છે.

આજથી ૧૦ વર્ષ પહેલા એટલે કે વર્ષ ૨૦૧૩માં ગેસ સીલીન્ડરનો ભાવ રૂપિયા ૪૦૦ આસપાસ હતો જે આજે રૂપિયા ૧૧૦૦ સુધી પહોંચી ગયો છે. તે સમયે પેટ્રોલ-ડીઝલનો ભાવ પ્રતિ લીટર રૂપિયા ૬૫ થી ૭૫ વચ્ચે હતો જે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## પ્યાસીઓ સુધી પહોંચે તે પહેલા જ પોલીસે દારૂ ઝડપી લીધો

# ઉના નજીક મોટી માત્રામાં વિદેશી દારૂ હોવાની બાતમીનાં આધારે પોલીસે દરોડો પાડતાં ૩૦ લાખનો મુદ્દામાલ ઝડપાયો

### પોલીસે રસિક બાંભણિયા, નિમિત ઉર્ફે એન.ટી. રાકેશ ગોહિલ સહિત સામે ગુન્હો નોંધ્યો



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના




ઉના, તા. ૪

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોય તેવી રીતે રોજબરોજ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દારૂ અંગેની ફરિયાદો નોંધાય છે. ગુજરાતનાં બુટલેગરો અવનવા કીમિયા અપનાવીને કોઈને કોઈ રીતે ગુજરાતમાં દારૂ લઈ (Liquor Smuggling) આવતા હોય છે. તેની સામે પોલીસ પણ આવા બુટલેગરોને પકડવા સતત કાર્યરત રહેતી હોય છે. આવો જ એક કિસ્સો ઊનામાં (Una, Gujarat) સામે આવ્યો છે. બુટલેગર(Bootlegger) દારૂનું કટિંગ કરી રહ્યાં હતા. તે દરમિયાન જ પોલીસે દરોડો કરીને એક બુટલેગરને ઝડપી પાડયો હતો. જયારે અન્ય બુટલેગરો ભાગી ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉના પોલીસની ટીમ રાત્રિ દરમિયાન પેટ્રોલિંગમાં હતી.

તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, કુખ્યાત બુટલેગર રસિક ઝીણા બાંભણીયાએ તેનાં સાગરિતો સાથે મળી વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો છે.

ઉના ખાતે બુટલેગર રસિક ઝીણા તેના ફાર્મની બાજુમાં આવેલી કેશુ રાજા મોરીની વાડીમાં વિદેશી દારૂનો જંગી જથ્થો ઉતારી કટિંગ કરી રહ્યો છે. તે બાતમીનાં આધારે ઉના પોલીસનાં સર્વેલન્સ સ્કોર્ડે બાતમીવાળી વાડીમાં મધરાત્રિએ દરોડો પાડયો હતો. આ દરમિયાન પોલીસને જોઈ બુટલેગરોમાં નાસભાગ મચી હતી. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૩૩૬ જેટલી પેટીઓ પકડી પાડી હતી. જેની કિંમત ૧૫ લાખથી વધુ હોવાનું અનુમાન છે. તેમજ દારૂનાં કટિંગ માટે ઉપયોગમાં લેવાતા વાહનો પણ જપ્ત કરી કુલ ૩૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે દરોડાની કાર્યવાહી દરમિયાન દીપક ઉકા જાદવ નામના બુટલેગરની ધરપકડ કરી છે.

જયારે અન્ય બુટલેગરો

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ડોન કો પકડના મુશ્કિલ હી નહિ, ના મુમકીન હૈ...



સુપર સ્ટાર અમિતાભ બચ્ચના ડો. ફિલ્મનો ડાયલોગ આજે પણ દરેકનાં કંઠસ્થ હોય ત્યારે તસ્વીર જોઈને અમિતાભ બચ્ચનના ડાયલોગની યાદો તાજી થઈ છે. અમરેલી જિલ્લામાં સિંહોનો દબદબો છે ને હર્યાભર્યા સિંહોના સામ્રાજય વચ્ચે જાફરાબાદ એનિમલ કેર સેન્ટરનાં દ્વારે જંગલનાં રાજા સિંહ બહાર આસન લગાવીને બેસી ગયા હતા. સિંહોનાં સારવાર કેન્દ્રની રખેવાળી ખુદ વનરાજ કરી રહ્યા હોય તેવો અદભૂત ફોટો મોબાઈલ કેમેરામાં કેદ થયો હતો. જાણે જંગલના રાજા સિંહોના સારવાર કેન્દ્રની બહાર ખુદ ગબ્બર બહાર આવીને બેસી ગયા હતા ને વનવિભાગને ચેલેન્જ કરતા સિંહ કહી રહ્યા હોય કે ડોન કો પકડના મુશ્કિલ હી નહિ ના મુમકીન હૈ...


**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**

Krishna DINING HALL

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



Since 1986

**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.

બિનજરૂરી વસ્તુ ખરીદનારને સમય આવ્યે, જરૂરી વસ્તુઓ વેચવાનો વારો આવે છે.

લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)